


# સનાતન સારથિ ગુજરાતી

ફેબ્રુઆરી – ૨૦૨૧

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦.૦૦
છુટ્ટક અંક ની કિંમત રૂા. ૧૦.૦૦


Bhagawan
Sri Sathya Sai Baba

Dear Rajagopal! Accept my Blessings and Love
All are happy days to a man of true knowledge. Happiness is an internal conscious experience which comes as the effect of the extinction of a mental or physical desire. The lesser the desires, the greater is the happiness. So, that perfect happiness consists in the destruction or satisfaction of all desires in the Absolute being. Greatness is really independent and doesnot depend upon externals. It is the sense of perfection or the consciousness of the achievement of the highest end of life that is called greatness. Fame among many people is not called greatness in its strictest sense. The answer is more a question of definition, and the definition depends on the view-point, culture and experience of each man.

goodness is not false or impossible, but is the one factor which gives real value of life. Life with out goodness is not real life, but only a scene of the destructive dance of the evil forces which shall drown the individual in grief. Goodness is the way to true happiness. In the ultimate analysis there is no separate entity as goodness. It obtains only in the relative plane. Where duality is transcended, no question of pairs of opposites arises. Raju, GOD is always with you in you. Be happy
—Baba—

Raju! I am sending little prasad (Vibhuti) for your health. your health is not good
Be healthy and happy
With Love
Baba

# ભગવાન
# શ્રી સત્ય સાઈ બાબા

વૃંદાવન, વ્હાઈટ ફીલ્ડ, ફોન નં.૩૩

વ્હાલા રાજગોપાલ, મારા આશીર્વાદ અને પ્રેમ.

સાચા જ્ઞાનના સર્વ દિવસો આનંદના અને ખુશીના જ દિવસો હોય છે. ખુશીનો અનુભવ એટલે આંતરિક આત્મિક જાગૃતિનો અનુભવ, જે માનસિક તથા શારીરિક ઈચ્છાઓના અંતની સીધી અસર છે. જેટલી ઈચ્છાઓ ઓછી તેટલી વધારે ખુશી અને આનંદ. સંપૂર્ણ સુખી અવસ્થા- બધા જ પ્રકારની ઈચ્છાઓના સંપૂર્ણ નાશમાં અથવા બધી જ ઈચ્છાઓને પૂરી રીતે તૃપ્ત કરીને નિરપેક્ષ બનવામાં છે! મહાનતા એટલે સાચા અર્થમાં સ્વતંત્રતા છે અને પરતંત્રતાનો ત્યાગ દર્શાવે છે. તે બહારના પરિબળો પર સહેજ પણ આધાર રાખતી નથી. તે પરિપૂર્ણતાની લાગણી અથવાભાવ છે અથવા આત્મ જાગૃતિનો ભાવ દર્શાવેછે. આ ભાવ જીવનના અંતને ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરાવે છે તેથી જ તેને મહાનતા કહે છે. પ્રજામાં પ્રખ્યાત હોવુંઅથવા જાણીતા હોવું એ મહાનતા નથી. સાચાઅર્થમાં અથવા અનુશાસનના અર્થમાં કીર્તિ એ મહાનતા નથી. વ્યાખ્યા શું છે એ પ્રશ્ન જ જવાબરૂપે છે, અને વ્યાખ્યા એદરેક માણસના દૃષ્ટિકોણ, સંસ્કૃતિ અને અનુભવ પર આધારિત છે.

સારાપણાનો અર્થ ખોટુ અથવા અશક્ય થતો નથી. પરંતુ સારાપણુ એ જીવનનું એવું પરિબળ છે જે જીવનની સાચી કિંમત દર્શાવે છે. સારાપણા સિવાયનું જીવન એ સાચુ જીવન નથી. પરંતુ દુષ્ટ તત્વોના વિનાશક નૃત્યનું દૃશ્ય છે જે વ્યક્તિને વ્યક્તિગત દુઃખના મહાસાગરમાં ડુબાડી દે છે. જીવનના અંતિમ પૃથ્થકરણ માટે સારાપણું એ જ માત્ર એક રસ્તો છે જેના દ્વારા સાચી ખુશીઅને આનંદ મેળવવાના લક્ષ્ય સુધી પહોંચી શકાય છે. સારાપણાનું એવું કોઈ અલગ અસ્તિત્વ નથી. તેતો માત્ર સાપેક્ષ છે. જ્યાં દ્વૈત એ અદ્વૈતમાં રૂપાંતરિત થાય છે ત્યાં વિરોધાભાસની લાગણીનો પ્રશ્ન પેદા થતો નથી. રાજુ ઈશ્વર હંમેશા તારી સાથે જ છે. તારામાં જ છે. હંમેશા ખુશ રહો. આનંદમાં રહો.

**-બાબા**

રાજુ– હું થોડી પ્રસાદી (વિભૂતિ) તારી તંદુરસ્તી માટે મોકલું છું. તારી તંદુરસ્તી સારી નથી. સ્વસ્થ અને સુખી થા.

**- પ્રેમ સહ, બાબા**

# સનાતન સારથિ

**સત્ય, ધર્મ, શાંતિ, પ્રેમ અને અહિંસા દ્વારા મનુષ્યોના નૈતિક અને આધ્યાત્મિક વિકાસ અર્થે સ્વામીનો સંદેશ પહોંચાડતું સામયિક**


**શ્રી સત્ય સાઇ ટ્રસ્ટ ગુજરાત વતી અને પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ વડોદરા ના સહયોગથી**

મુદ્રક, પ્રકાશક અને તંત્રી
**સતીશ એમ. બોકીલ**

**વર્ષ : ૨૦૨૧**
**અંક : ૩૪૦/૨**

**લવાજમ :**
ભારતમાં વાર્ષિક : રૂા. ૧૦૦
પાંચ વર્ષ માટે : રૂા. ૫૦૦
પરદેશ (વાર્ષિક) : રૂા. ૧,૦૦૦
૨૫$ અથવા ૧૮£

**લવાજમ ની રકમ**
**પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ, વડોદરાના નામે ચેક અથવા ડ્રાફ્ટથી મોકલવી**



**સનાતન સારથિ કાર્યાલય**
સતીશ એમ. બોકીલ
"સાઇ આરોહ"
એ-૫, કોમરેડસ્ કોલોની,
સાઇ ચોકડી પાસે,
માંજલપુર, વડોદરા - ૩૯૦ ૦૧૧.

સંપર્ક માટે :
બોકીલ - ૯૮૨૪૬૪૯૯૫૩
વિશાલ - ૯૯૨૫૯૨૩૩૦૬
સવારે અથવા રાત્રે ૯ થી ૧૦
Email : editor.ssguj@gmail.com
contact.ssguj@gmail.com


ટાઇટલ પેજ ફોટોગ્રાફ
**ભગવાન શ્રી સત્ય સાઇ બાબા**

### "દષ્ટિ અને જીભનો ઉપયોગ પવિત્રતાપૂર્વક કેમ કરવો?"

આપણી પાંચ ઇન્દ્રિયોમાં આંખ ઘણી જ શક્તિ ધરાવે છે. તેમાં ૪૦ લાખ પ્રકાશના કિરણોનો સમાવેશ હોય છે. આજે માનવી ઈન્દ્રિયોનો દુરુપયોગ કરે છે આથી તે દિન-પ્રતિદિન શક્તિહીન થતો જાય છે. અપવિત્ર નજરને લીધે પ્રકાશના લાખો કિરણોનો નાશ થાય છે અને આંખોના રોગ પેદા થાય છે. તમે જેટલી આધ્યાત્મિક પ્રવૃત્તિ કરતા હો પરંતુ દષ્ટિ પર કાબૂ નહીં મેળવો તો તે ઉપયોગી નહીં નીવડે. માટે દષ્ટિ પર કાબૂ દરેક વ્યક્તિએ મેળવવો જોઈએ.

દષ્ટિ પર કાબૂ મેળવ્યા પછી દરેકે પોતાની જીભ પર પણ કાબૂ મેળવવો રહ્યો. જીભમાં ત્રણ લાખ સ્વાદની કણીઓ આવેલી છે. આજનો માનવી સ્વાદનો ગુલામ બની ગયો છે. તે ઘણી જાતની વાનગીઓ આરોગે છે અને પરિણામે સ્વાદની કણીઓ નષ્ટ કરે છે. માનવી ફક્ત અપવિત્ર શબ્દો બોલીને રોકાતો નથી પણ કઠોર વાણી ઉચ્ચારીને બીજાની લાગણીને દુભાવે છે. આ રીતે જીભના દુર્વ્યયને કારણે એનું જીવન વધારી ટૂંકુ થાય છે.

આ રીતે દરેક ઈન્દ્રિયના દુરુપયોગને લીધે તે પોતાની ક્ષમતા ગુમાવે છે અને પરિણામે માનવીનું આયુષ્ય ઘટે છે.

આથી જ દરેક વ્યક્તિએ સૌ પ્રથમ પોતાની દષ્ટિ અને જીભને કાબૂમાં રાખતાં શીખવું જોઈએ. જ્યારે આ બંને પર અંકુશ મુકાય છે ત્યારે માનવીની શક્તિઓ ફરીથી વધે છે.

વર્ષોની તપશ્ચર્યા પછી જે સિદ્ધિઓ હાંસલ થતી નથી તે-માનવી પોતાની જીભ અને આંખના પવિત્ર ઉપયોગ વડે હાંસલ કરી શકે છે.

- **શ્રી સત્યસાઈ બાબા**

## અનુક્રમણિકા...


પા.નં.

૦૪ **એકતા માનજાતિનો પ્રાણ** - અવતાર વાણી

૦૯ **ભાગવત વાહિની** - ભગવાન શ્રી સત્ય સાઈબાબા

૧૩ **પ્રેમનો પ્રવાસ** - શ્રી એન. કસ્તુરી

૨૦ **મફત પરંતુ આદર્શ આરોગ્યસંભાળનું ભગવાનનું મિશન** - ડો. નિલમ બિપીનચંદ્ર દેસાઈ

૨૬ **સંકીર્તન દ્વારા વિશ્વશુદ્ધિ કરો.** - અવતાર વાણી

૩૦ **ભગવાન શ્રી સત્ય સાઈ બાબા સાથેના મારા અનુભવો** ડો. ગોતેતી સરસ્વતી


આપને અંક ન મળે તો પોસ્ટ દ્વારા જાણ કરવા વિનંતી. આપની પોસ્ટ ઓફીસમાં પણ તપાસ કરશો. સનાતન સારથિ દર માસની ૨૦મી તારીખે રવાના કરાય છે.

અવતાર વાણી

# એકતા માનજાતિનો પ્રાણ

## જ્યાં પવિત્રતા, ત્યાં દિવ્યતા

તમામ પ્રકારની સમૃદ્ધિઓ આપણે આપણાં શબ્દો માત્રથી મેળવી શકીએ છીએ. મિત્રતા અને સંબંધો આપણે આપણાં શબ્દો દ્વારા વિકસાવી શકીએ છીએ. આપણે બોલીએ છીએ તેનાથી કંઈક બૂરું પણ થઈ શકે છે. આપણાં શબ્દો પવિત્ર હોવા જોઈએ અને વેદો તથા ગ્રંથોનો સાર ધરાવતા હોવા જોઈએ. આધ્યાત્મિકતાનું જ્ઞાન શબ્દો દ્વારા મેળવીએ છીએ. તેથી, મનુષ્યે યોગ્ય અને ઉચિત શબ્દોનું ઉચ્ચારણ કરવાના પ્રયત્નો કરવા જોઈએ. સ્વામી હંમેશાં કહેતા, “તમે હંમેશને માટે કોઈની ઉપર ઉપકાર કરી શકો નહીં, પણ હંમેશાં મદદરૂપ થવાની ભાવનાથી વાત કરી શકો છો.”

**<u>પ્રકૃતિને દિવ્ય તરીકે ગણો.</u>**

પ્રકૃતિએ પ્રભુનું સર્જન છે એટલે તેમાં પ્રભુના તમામ ગુણો વિદ્યમાન છે. પ્રકૃતિ એ કંઈ કુદરતી સંપત્તિનો જ સ્રોત નથી પણ તે પ્રભુની સંપત્તિ-સમૃદ્ધિનું પ્રતિબિંબ પાડે છે.મનુષ્યે તેથી પ્રકૃતિને દેવ-દિવ્યતા- તરીકે ગણીને પૂજ્ય આદર આપવો જોઈએ. પ્રકૃતિના પ્રભુ સાથેના સંબંધને પ્રકૃતિ અને પુરુષ કહેવામાં આવે છે. પ્રકૃતિ નારીજાતિ છે અને પુરુષ નરજાતિ છે. સ્વભાવે તે સ્ત્રી કે નારી જાતિ છે, છતાં પણ પ્રકૃતિ અને પુરુષ વચ્ચે ભૌતિક દ્રષ્ટિએ કોઈ તફાવત નથી. સ્ત્રી શબ્દ નારીજાતિ માટે છે પણ ભૌતિક અર્થમાં નહીં. સ્ત્રીનો વાસ્તવિક અર્થ શું છે? સ્ત્રી (Stree) શબ્દમાં ત્રણ અક્ષરો છે, 'સ્ત' (st), ૨ (r) અને ઈ (ee).તેમાં 'સ્ત' (st)સાત્વિક, ૨ (r) રાજસિક અને ઈ (ee)તામસિક ગુણો સૂચવે છે. નર કે નારી જાતિનો કોઈપણ માનવી ત્રણ ગુણો ધરાવે છે. 'સ્ત' (st) દિવ્ય પવિત્ર ભાવનાઓ અને પવિત્રતાનો નિર્દેશ કરે છે જેથી એકેએક જણ દિવ્યતામાં લય પામી શકે.ઈ (ee)નિરસતા, નિષ્ક્રિયતા કે મંદતાનો નહીં પણ આજ્ઞાંકિતતા, નૈતિકતા, નમ્રતા અને ઐક્યતાનો નિર્દેશ કરે છે. ૨ (r) ક્રોધ, લાગણીઓ, દેખાડો કે મગરૂરી નહીં, પણ સહનશીલતા, સહિષ્ણુતા અને દાનવીરતાનો નિર્દેશ કરે છે.

માનવ (માનવી) એટલે કોણ? માનવ એટલે તે વ્યક્તિ, જે પવિત્ર લાગણીઓ સંગ્રહિત રાખે છે. તેનામાં માનવીય ગુણો હોવા જોઈએ અને પવિત્ર વાણી, વર્તન અને વિચારનું આચરણ હોવું જોઈએ. વાસ્તવિક માનવીય ગુણ છે વિચાર, વાણી અને વર્તનની એકરાગિતા-સંવાદિતા. તેથી, કહેવાય છે,“માનવજાતિનો ઉચિત અભ્યાસ મનુષ્ય છે.” કુદરતમાં તમામ પવિત્રતા છે. મનુષ્યે કુદરત પાસેથી શીખવાનું છે અને સંપૂર્ણ પવિત્રતા કેળવવાની છે. આ ધ્યાત્મિકતામાં ફક્તતપ, વિધિ-વિધાનો, ધ્યાન, વગેરેનો સમાવેશ થતો નથી. આવી તમામ બાબતો હૃદયને નિર્મલ બનાવવા માટે છે અને ક્ષણભંગુર તેમજ

અનિષ્ટ દુનિયાથી દૂર રહેવા સમર્થ બનાવે તે માટે છે. તેનો અર્થ માત્ર ભગવાનનો જ વિચાર કરવો એવો નથી, પણ તમામ પાપી કર્મોથી દૂર રહેવાનો પણ છે. આધ્યાત્મિકતા, સનાતન સત્યનું મૂર્તસ્વરૂપ છે. કુદરત શ્રેષ્ઠ ગુરુ છે. કુદરતના અભ્યાસ દ્વારા મનુષ્ય શું -ક્ષણિક અથવા શું કાયમી છે તે શીખે છે. કુદરતમાં જે પવિત્ર છે તે દિવ્યતાનું પ્રતિબિંબ પાડે છે. દિવ્યતા વિના કુદરતનું અસ્તિત્વ હોઈ શકે નહીં. તમે કહો છો કે તમે ઈશ્વરને જોતાં નથી કે ઈશ્વરનો અનુભવ-અહેસાસ-કરતા નથી,તે નરી મૂર્ખતા છે. પ્રકૃતિમાં પ્રત્યેક વસ્તુ દિવ્ય છે. તમે પ્રકૃતિ-કુદરત-માં દિવ્યતાનો અનુભવ કરો છો છતાંયે તમે ભગવાનને જોવાની ઇચ્છા રાખો છો ! જેમ તમામ આભૂષણોમાં સુવર્ણ એક જ હોય છે તેમ પ્રકૃતિમાં તમામ વસ્તુ દિવ્ય છે.

દુન્યવી દ્રષ્ટિએ જોઈએ તો દરેક જણ નર અથવા નારી છે, પરંતુ નર કે નારી, બન્નેમાં એક સરખા ગુણો છે. તે તમામમાં જન્મ, મરણ, ભૂખ અને તૃષા સરખા-એક જ- છે. બંનેમાં સુખ-દુખ સમાન હોય છે. બંનેમાં એકતાનો સિદ્ધાંત એક જ છે. સમાનતા દિવ્યતા છે. ઘણા લોકો ખોટી રીતે વિચારે છે કે સ્ત્રીઓ નબળી, આશ્રિત અને રસોડામાં જ કામ કરવા યોગ્ય હોય છે. તે બાબતે પ્રત્યેક માનવીમાં એક કે બીજી નબળાઈ હોય છે.કોઈ પણ નબળાઈ રહિત કોઈ હોય તો તે માત્ર સર્વોપરી ભગવાન જ છે.

**દ્રષ્ટિ ઉમદા અને પવિત્ર બનાવો.**

ભગવાનનું નારી પાસું પ્રકૃતિ છે જે એક વસ્તુના રૂપમાં છે, પરંતુ ભગવાન ઊર્જા છે. ભગવાન વિના પ્રકૃતિ શક્ય નથી અથવા પ્રકૃતિ વિના ભગવાન શક્ય નથી કેમ કે બંને સ્વતંત્ર છે અને પરસ્પર સંબંધ ધરાવે છે. આપણે એ વિચારવાનું નથી કે દુનિયામાં કંઈ પણ વસ્તુ ખરાબ છે કારણ કે પ્રત્યેક વસ્તુ દિવ્યતા અને પવિત્રતાથી ભરપૂર છે. આપણે સૃષ્ટિને બદલી શકીએ નહીં, આપણે આપણો દેખાવ બદલવાનો છે. સાધના એ ઠસાવે છે કે મનુષ્યે તેની દ્રષ્ટિ ઉમદા અને પવિત્ર બનાવવી જોઇએ. શારીરિ દ્રષ્ટિકોણથી મહિલાઓ અશક્ત-નબળી-ગણવામાં આવે છે, પરંતુ વાસ્તવમાં તેઓ અશક્ત નથી. ભગવદ્ ગીતાનું વિધાન છે કે મહિલાઓને પુરુષો કરતાં ઉચ્ચ શક્તિઓ પ્રદાન કરવામાં આવી છે. પ્રાચીન ભારતમાં મહિલાઓએ ઉચ્ચ અને ઉમદા ગુણોનું દર્શન કરાવ્યું છે. ઘરમાં મહિલાને “ગૃહલક્ષ્મી” કહેવામાં આવે છે કારણ કે કુટુંબની પ્રતિષ્ઠા અને આબરૂ,સમગ્રતયા મહિલા દ્વારા પ્રસ્થાપિત ધારાધોરણોને આધીન છે. મહિલાઓ તો પરિવાર અને સમાજની મહાન શક્તિ છે. તમામ વસ્તુઓનો આધાર દિવ્યતા છે તેને ઓળખીને દરેક જણે તેની ભીતરી દિવ્યતા ઉપર પ્રતિબિંબ પાડવું જોઈએ અને તેના હૃદયને વિશાળ બનાવવું જોઈએ.જ્યારે તે સંકુચિત હોય છે ત્યારે તેને તમે હૃદય કહી શકો નહીં કારણકે હૃદય પ્રેમ અને કરુણાથી ભરપૂર છે. 'હૃદયા' શબ્દમાં 'હૃ' અને 'દયા' સમાવિષ્ટ છે જેનો મતલબ એ કે દયા કે કરુણાથી ભરપૂર હૃદય.

દુર્ભાગ્યે,મનુષ્યનું હૃદય કરુણાથી વંચિત છે અને દુષ્ટ વિચારો અને દુષ્ટ લાગણીઓથી ભરપૂર છે. તેના હૃદયને વિશુદ્ધ કરવા મનુષ્યે સદા ભગવદ્ મનન-ચિંતન- કરવું જોઈએ.

<u>દરેકે પોતાની દિવ્યતા પ્રગટ કરવી જોઈએ.</u>

મહિલાઓના સંદર્ભમાં ઘણા લોકો 'અબળા' શબ્દનો પ્રયોગ કરે છે, પરંતુ તેનો અર્થ એવો નથી કે મહિલાઓ બળ વગરની છે. તેઓ માનસિકરીતે અત્યંત મજબૂત છે. તેમની અંતઃસ્થ તાકાતને કારણે તેઓ પરિવાર અને સમાજને તાકાત પ્રદાન કરે છે. તેથી, આપણે તેમની તાકાત તેમની શારીરિક દેહથી માપવી જોઈએ નહીં. પુરુષો અને સ્ત્રીઓ તે બન્ને સાચે જ અમરત્વના પુત્રો છે. ખરેખર પુરુષ કોણ છે? ભગવાન જ પુરુષ કે માનવ છે- જોકે, દુન્યવી દ્રષ્ટિએ નહીં. નખશિખ દેહ 'પુર' છે અને માનવ શરીરમાં જાગરુકતા તરીકે રહેતી દિવ્યતા 'પુરુષ' છે. તેથી માનવીની વાસ્તવિકતા જાગરુકતા છે. જાગરુકતાને આધારે બધા જ પુરુષો છે.સર્વે લોકોમાં, સત્ય સમાનતા કે ઐક્યતા તરીકે રહે છે, માટે, સર્વેએ પોતાની દિવ્યતા પ્રગટ કરવી જોઇએ. તેમ છતાં, દરેક જણે પુરુષ અને પ્રકૃતિ વચ્ચેના વિવેકથી પોતાની ફરજ બજાવવી જોઈએ અને તે સાથે ખ્યાલ રાખવો કે શરીરો જુદાં છે પણ પુરુષ એક જ છે. આપણે આપણાં પગરખાં માથા ઉપર નહીં પણ પગમાં પહેરીએ છીએ, ચશ્મા કાનો ઉપર નહીં પણ આંખો ઉપર પહેરીએ છીએ. તેનાથી ઊલટું કરતાં નથી. તે જ પ્રમાણે, આપણે જોવાનું છે કે પ્રકૃતિમાં રહેલો પ્રત્યેક પદાર્થ વિશિષ્ટ ઉપયોગિતા ધરાવે છે. જે પુરુષ ખરા જ્ઞાનને આધારે યોગ્ય વિધિ- રીતરસમો-ને અનુસરે છે અને ઉત્કંઠાથી પોતાની ફરજ બજાવે છે તે સાચો માનવી છે. આ પ્રમાણે, પોતાની ફરજ બજાવવી એ યોગ છે. યોગ એટલે ઐક્યતા. મનુષ્યે દિવ્યતાને પામવા માટે યોગ કરવાની જરૂર છે. જ્યાં એકતા છે ત્યાં પવિત્રતા છે. જ્યાં પવિત્રતા છે, ત્યાં દિવ્યતા છે.એકતા માનવ અસ્તિત્વનો ખરો પ્રાણ છે. એકતા પ્રેમને બળ પ્રદાન કરે છે. ઉદાહરણ તરીકે, જ્યારે દોરામાંથી કાપડ વણવામાં આવે છે ત્યારે કાપડમાં તાકાત આવશે, પરંતુ જો તમે દોરા-તાંતણાં-છૂટા પાડી દેશો તો કશી તાકાત રહેશે નહીં. દરેક વ્યક્તિની સ્વ માટે, કુટુંબ માટે અને સમાજ માટે અદા કરવાની ફરજો છે. જ્યારે એક વ્યક્તિ સારો, તો કુટુંબ સારું હશે; જ્યારે કુટુંબ સારું હશે, સમાજ સારો હશે. જ્યારે સમાજ સારો હશે ત્યારે દેશ સારો હશે. તેથી દેશની ભલાઈ વ્યક્તિ ઉપર આધાર રાખે છે. આપણે માનવીને વ્યક્તિ કહીએ છીએ પણ તે ફક્ત માનવરૂપનો નિર્દેશ કરતું નથી. એક વ્યક્તિ એ છે, જેનામાં અંતસ્થ પવિત્રતા અને દિવ્યતા છે જે તેણે પ્રગટ કરવાની છે. ત્યારે જ તે સાચા અર્થમાં વ્યક્તિ કહી શકાશે. આવી એક વ્યક્તિનો મુખ્ય ગુણ સદવર્તન-વ્યવહાર-છે. દિવ્યતાના દ્રષ્ટિકોણથી સમગ્ર માનવજાતિ એક જ છે કેમકે એક જ આત્મા સર્વેમાં વિદ્યમાન છે. જાતિ એક જ છે, માનવજાતિની. માનવીએ એ પિછાણવાનું છે કે એ એકસરખી દિવ્યતા

સમગ્ર સૃષ્ટિમાં વ્યાપ્ત છે. એક રૂમમાં ઘણા બલ્બ અને ટ્યૂબલાઈટ્સ હોય છે. તે બધાની વીજળી ક્ષમતા ભિન્ન ભિન્ન હોય છે, પણ તે સૌમાં વીજપ્રવાહ તો એક જ છે. ધર્મો અનેક છે, પણ લક્ષ્ય એક જ છે. કપડાં અનેક છે, પણ સૂતર એક જ છે. આભૂષણો અનેક છે, પણ સુવર્ણ એક જ છે. ગાયો અનેક છે, પણ દૂધ એક જ છે. જાતિઓ અનેક છે, પણ માનવતા એક જ છે.

માનવીઓ અનેક છે, પણ આત્મા એક જ છે. (તેલુગુ કવિતા). આપણે એક આદર્શ જીવન જીવવા માટે શિસ્ત અને વિવેકનો ઉપયોગ કરવો જોઈએ.જો શિસ્ત પાલન કરીશું નહીં, તો, કદાચ, સહન કરવાનો વારો પણ આવી શકે. દાખલા તરીકે, શરીરનું તાપમાન (ટેમ્પરેચર) સામાન્યતઃ ૯૮.૪ અંશ ફેરનહીટ હોય છે. જો તેમાં થોડો પણ વધારો થાય તો તાવ અને માંદગી આવે. તે જ પ્રમાણે, સામાન્ય બ્લડપ્રેશર ૧૨૦/૮૦ હોય છે, જો તેમાં કોઈપણ વધ-ઘટ થાય તો રોગનું કારણ બને છે. જીવન એક 'લિમિટેડ કંપની' છે અને તેને મર્યાદાઓમાં જ રાખવાની છે. દરેક જણાએ, ભલે તે યોગી (આધ્યાત્મિક સાધક કે નિયોગી (આધ્યાત્મિક મનન કરનાર) કેમ નહીં હોય, જીવનમાં ત્યાગના સિદ્ધાંતનું અનુસરણ કરવું જોઈએ. આપણે જે ખોરાક ખાઈએ છીએ તેને બહાર કાઢીએ નહીં, તો આપણને પેટનો દુખાવો ઉપડશે. શ્વાસમાં અંદર લેતા વાયુને જો બહાર કાઢીશું નહીં, તો આપણાં ફેફસાંને નુકસાન પહોંચશે. શરીરમાંહેના રક્તને પણ ફરતુંતો રાખવું પડશે, તે એક ઠેકાણે જામ થઈ જવું જોઈએ નહીં. આપણાં રોજિંદા જીવનમાં જે ત્યાગ અને જતું કરવાની ભાવનાનો અનુભવ કરીએ છીએ તેને યજ્ઞ કહેવામાં આવે છે. માટે આપણે આપણાં જીવનમાં ત્યાગની ભાવના કેળવવી જોઈએ. જો આપણે અન્ય વ્યક્તિ માટે ભોગ આપતા હોઈએ તો તેનો સ્વીકાર કરનારી વ્યક્તિની પાત્રતાને ધ્યાનમાં લેવી જોઈએ.

<u>ભગવાનના વહાલા-દવલા થાવ.</u>

ઉમદા વ્યક્તિએ છે જેના વિચાર, વાણી અને વર્તન નિયંત્રણ હેઠળ અને એકરાગિતામાં છે. સારા શબ્દો અને ઓછું બોલીને, વધુ કામ કરીને,જીભ ઉપર હંમેશનો સંયમ રાખવાનો છે. જેટલા વધુ મૌન રહીશું, તેટલું વધુ કાર્ય કરી શકીશું. પ્રાચીન સંતો મૌન પાળતા હતા અને તેવું ઘણીવાર એકાંતમાં કરતા. જો આપણે મૌન પાળીશું તો શું થશે? આપણામાં વધુ ઊર્જા, સદબુદ્ધિ અને સારી યાદશક્તિ રહેશે, પરંતુ આજે તો લોકો બધું જોવા અને સાંભળવાની ઇચ્છા ધરાવે છે. આપણે શું જોવું-સાંભળવું જોઈએ?

ખરાબ જોવું નહીં, સારું જ જુવો;
બૂરું સાંભળવું નહીં, સારું જ સાંભળવું;
બૂરી વાત કરવી નહીં, સારી વાત જ કરવી;
બૂરું વિચારવું નહીં, સારું જ વિચારો;
બૂરું કરવું નહીં, સત્કાર્ય જ કરવું;

પ્રભુ પ્રત્યેનો આ જ રસ્તો છે. જો આપણે ખરાબ વિચારો કરીશું તો આપણે ખરાબ થઈ જશું. આપણે હંમેશાં સદવર્તન, સદવિચાર અને સત્સંગમાં રહેવું જોઈએ. જ્યારે કોલસાને

અગ્નિની સમીપ લાવવામાં આવે તો કોલસો પણ અગ્નિ બની જશે. તમારે પણ ભગવાનની સમીપ અને ભગવાનના વહાલા બનવાનું છે. તો તમે પણ ભગવાનમય થઈ શકશો. તમારે ભગવાનની સમીપ અને ભગવાનના પ્રિય થવાનું છે. જો તમે ફક્ત ભગવાનની નજીક જ રહેશો તો તમે પેલા દેડકા જેવા હશો જે કમલના ફૂલ ઉપર બેસે છે પણ તે ફૂલમાં રહેલા મધથી અજ્ઞાત છે જ્યારે માખીઓ દૂર દૂરથી આવીને મધ ચૂસી જાય છે.

ભારતીય સંસ્કૃતિમાં આપણે વડીલોને અચૂક નમસ્કાર કરીએ છીએ. આપણે નમસ્તે કરવામાં બંને હાથની દસે આંગળીઓ ભેગી કરીએ છીએ.દસેદસ આંગળીઓ ભેગી કરવાનું એવું દર્શાવે છે કે આપણે આપણી પાંચ કર્મેન્દ્રિયો અને પાંચ જ્ઞાનેન્દ્રિયો પરમાત્માર્પણમ્કરીએ છીએ. તે વિવિધતામાં એકતાનું નિદર્શન કરે છે. એકતામાં દિવ્યતા રહેલી છે. દુષ્ટ લોકોનો સંગ કરશો નહીં. જો તમારો સંગ સારો હશે નહીં, તો તમે પણ બૂરાં બની જશો.

“તમારીસોબત મને જણાવશો તો તમે કોણ છો તે હું કહી દઈશ.” સારી અને નરસી સોબત વચ્ચેનો ભેદ કેવી રીતે જાણી શકશો? જ્યારે તમે વ્યક્તિની વર્તણૂક ધ્યાનથી જોશો તો તે સારો કે ખરાબ છે તેની ખબર પડી જશે, આધ્યાત્મિક સાધકોએ ઘણા બધા લોકો સાથે સંગ રાખવો જોઈએ નહીં. જો તમે તમામ પ્રકારના લોકોની સોબત રાખશો તો તે ખતરનાક બની રહેશે.તમે કોઈને મિત્ર ગણશો, પણ તે કદાચ શત્રુ બની શકે છે. તમારે માત્ર “હેલ્લો, કેમ છો, આવજો“ એટલું જ કહેવું જોઈએ. અનેકગણા સંબંધો રાખવા જોઈએ નહીં. હંમેશાં મર્યાદાઓનું પાલન કરવું જોઈએ. ઘણા લોકો અઢળક પૈસા ખર્ચીને અહીં કોડાઈકેનાલ આવ્યા છે. પરંતુ, તેઓ ગામ-ગપાટામાં તેમનો સમય વેડફી રહ્યા છે. તેમ કરવામાં તેઓ તેમની શક્તિનો વ્યય કરી રહ્યા છે. જ્યારે શક્તિ ક્ષીણ થાય છે ત્યારે યાદશક્તિનો નાશ થાય છે. બિનજરૂરી વાતચીત, ભગવાનના સામિપ્યથી અને ભગવાનની પ્રીતિથી દૂર કરી દે છે. આવશ્યક હોય તેટલી જ વાતચીત કરો. વધુ પ્રમાણમાં વાતચીત કરવી એ ખરાબ ગુણ છે. તમે ભલા હોઈ શકો, પણ બીજી વ્યક્તિ સારી છે કે ખરાબ છે તેની તમને ખબર નથી. માટે સદા સારી સંગતમાં રહો. ફક્ત સારી વ્યક્તિઓની મિત્રતા કરો. દરરોજ ઓછામાં ઓછા દસ જણાને તમારા પ્રેમમાં સહભાગી બનાવો.“તમે અને હું “એક છીએ તેમ કહેવું ખોટું છે. “ તમે અને હું આપણે છીએ“ તેમજ “આપણે અને આપણે સૌ એક છીએ“ કહેવું ખરું છે. જ્યારે આપણે આપણાં આત્માને અનુસરીએ અને સ્પષ્ટ રીતે વિવેકસારથી સમજીએ તો આપણે પવિત્ર થઈશુ અને શાંતિનો અનુભવ કરીશુ. જો આપણું મન ભટક્યા કરતું હશે તો જપ અને ધ્યાન કરવું એ સમયની બરબાદી છે. ભગવાન તમારાથી ભિન્ન નથી. ભગવાન તમારી અભ્યંતર, ઉપર અને ચોતરફ છે. ભગવાન તમારી ભીતર છે ત્યારે ભગવાનને શોધવાની

તથા વનમાં જવાની જરૂર શી છે? આપ સ્વયં ભગવાન છો. શરીરને લઈને તમારું નામ છે. પરંતુ, શરીરને માટે તમો અસ્તિત્વ ધરાવતા નથી. કોઈની પણ સેવા એ ભગવાનની સેવા છે. તમે જે કોઈને માન-સન્માન-આપો છો તે ભગવાનને પહોંચે છે; તમે જે કોઈની ટીકા-ટિપ્પણી કરો છો તે પણ ભગવાનને પહોંચે છે. તેથી કોઈને પણ નુકસાન પહોંચાડશો નહીં. " સદા મદદ કરો,કદી નુકસાન પહોંચાડશો નહીં."જ્યારે તમે આવો મહાવરો રાખશો ત્યારે પરમાનંદનો અનુભવ કરશો. આનાથી અધિક કોઈ પરમાનંદ છે જ નહીં.

**(ભગવાને "હરિ ભજન બિના સુખ શાંતિ નહીં...." ભજનથી તેમના ઉદબોધનની સમાપ્તિ કરી) (તારીખ ૯મી એપ્રિલ ૧૯૯૬ ના રોજ સાઈશ્રુતિ, કોડાઈકેનાલ ખાતેનું ભગવાનનું દિવ્ય પ્રવચન)**

# ભાગવત વાહિની
## ભગવાન શ્રી સત્ય સાઈબાબા

ભાગવત એ તો પ્રભુમાંથી જ ઉદભવતી અને પ્રભુમાં જ સમાઈ જતી ગંગા છે, - જે ભૌગોલિક વિસ્તારો, ઐતિહાસિક તવારીખો, તત્વજ્ઞાનીય વિવેચનો, સતસાહિત્યોના આખ્યાનો, જ્ઞાનમીમાંસીય તપાસો અને માનવીય મનની વિશાળ ખીણોને, મનના વિશાળ વિસ્તાર પટલને કૃષ્ણ કથા-ગાથાઓની વાર્તાઓ વડે પોતાના પવિત્ર અને નિર્મળ જળ વડે પોષણ આપી પલ્લવિત કરનારી છે.

**- એન.કસ્તુરી**

**<u>પ્રકરણ-૧ : ભાગવત</u>**

ભગવાન અને (ભગવાનના) ભક્તોનો સંપર્ક કરી, જે અનુભવો પ્રાપ્ત કર્યા બાદ તે અનુભવોને રજૂ કરવા એને જ ભાગવત એવુંનામ આપી શકાય. ભગવાન અનેકરૂપ ધારણ કરી શકે છે અને કાર્યો પણ અનેક કરે છે. જેઓએ ઈશ્વરને એવા સ્વરૂપોમાં મેળવ્યા એમના અનુભવો અને જેઓને ભગવાનની કૃપા મળી તેમજ ભગવાને એમને 'એમના' (કાર્ય માટે) સાધન તરીકે પસંદ કર્યા તેવા લોકોના અનુભવોનું વર્ણન કરવું, એને જ ભાગવત કહેવાય છે.

વેદજ્ઞ લોકો (વેદના માસ્ટર્સ) પણ ભાગવતને ખૂબ આદરપૂર્વક જુએ છે. આ (ભાગવત) એ શારીરિક, માનસિક અને આધ્યાત્મિક-એમ ત્રણેય તાપથી મુક્ત કરાવે છે. ભાગવત, એ તો મધુરતાથીભરેલું અમૃત છે અને ઈશ્વરની ભવ્યતાથી પ્રકાશમાન છે.

અવતારવાદનો સિદ્ધાંત અથવા તો ઈશ્વરનું પૃથ્વી પર અવતરવું, નિરાકારમાંથી સાકાર થઈને આવવું અને એ પણ જીવોના ઉત્થાન માટે – કલ્યાણ માટે – આ બધા મૂળભૂત મુદ્દા ભાગવતની યથાર્થતા માટે પુરતા છે. ભાગવત એટલે, તેબધા, જે ભગવાનના ખૂબ આસક્ત છે અને જેઓ

ભગવાનનું સાનિધ્ય મેળવે છે (તેઓનું વિવરણ). એમને માટે ભાગવત ખૂબ અમૂલ્ય ગ્રંથ છે અને એમના જીવનનો તો એ પ્રાણ છે.

ભગવદીય ભક્તોના સમૂહ વચ્ચે રહેવું એટલે ભક્તિને વિકસાવવી. જ્યાંસુધી તમને ભગવાનના વિચારો ન આવે કે ભગવાન પ્રત્યે ઉત્કટ પ્રેમ ન ઉભરે, ત્યાં સુધી તમે પરમાનંદ નહી મેળવી શકો. આ રૂચિ (આસક્તિ) કેળવવા માટે, સાચા જિજ્ઞાસુને, ભાગવત, પ્રભુની અવતાર ગાથાની વાર્તાઓ સંભળાવેછે. અને આમ ચૈતન્યના તમામસ્તરે, વ્યક્તિ ઈશ્વરને પ્રાપ્ત કરવાનો રોમાંચ અનુભવવા માટે યોગ્ય રીતે તૈયાર થાય છે.

લોકો એમ માને છે કે અવતાર માત્ર બે કારણો માટે જ થતો હોય છે; દુષ્ટોનો વિનાશ અને સજ્જનોની રક્ષા. પરંતુ તે તો માત્ર અવતારના હેતુનો એક અંશ છે. અનેક યુગોથી, પ્રેમપૂર્વક ઈશ્વરનેભજતા ભક્તોના મનોરથોને પૂરા કરવાતેમજ તેમને શાંતિ અને આનંદ પ્રદાન કરવા-એ પણ ઈશ્વરના અવતારનો એક કાર્યભાગ છે.

(સત્યતત્વની ખોજ કરનારા) મુમુક્ષુઓની અંદરની ઝંખનાની ઘનિષ્ઠતાને લીધે જ અવતાર આવે છે. ભક્તિનો માર્ગ એ દિવ્યરૂપને પામવાનો મધુર અને ચોક્કસ માર્ગ છે. આવા મુમુક્ષુઓ અને ઈશ્વરના આસક્ત ભક્તોને માટે જ,નિરાકાર પરમેશ્વર સાકાર રૂપ ધારણ કરે છે.

અવતાર અવતરવાના આ જ મૂળભૂત કારણો છે. પોતાના વાછરડાના પોષણ માટે ગાય દૂધ આપે છે. વાછરડુ જ તે દૂધનું મૂળભૂત હક્કદાર છે. પરંતુ આપણે જોઈએ છીએ કે એ દૂધનો લાભ બીજાને પણ મળે છે. એવી જ રીતે મૂળ કારણભૂત ભક્તો જ છે. તેઓનો આનંદ અને પોષણ એજ મુખ્ય હેતુ છે-અવતાર થવાનો; પરંતુ એને લીધે અન્ય લાભ જે થાય છે જેમકે ધર્મની સ્થાપના, દુષ્ટોનો નાશ અને શેતાનોને ઉભરવા જ ન દેવા વિગેરે-પરંતુ તે તો ગૌણ છે.

એવો કોઈ ફરજીયાત નિયમનથી કે અવતાર પૃથ્વી ઉપર જ અને માત્ર મનુષ્ય સ્વરૂપેજ થવો જોઈએ. જે પૂર્ણ રીતે મુક્ત છે તે ગમે તે સ્થળે, અને ગમે તે સ્વરૂપમાં અવતરી શકે છે. ભક્તોના ભાવને પોષવા ને આનંદ આપવા, કોઈ પણ જગ્યાએ, કોઈ પણ સ્વરૂપે તે આવી શકે છે. સ્થળ અને સ્વરૂપ ઈશ્વરની ઇચ્છાને આધીન છે. ઈશ્વર તો સમય અને સ્થળથી પરે છે. તે તો ગુણાતીત છે. કોઈ પણ યાદી કે વિવરણ 'તેનું' સંપૂર્ણ વર્ણન કરી શકે તેમ છે જનહીં. 'તેને' માટે બધા સમાનછે. 'તેને' માટે માનવ, પશુ, પક્ષી, જીવ કે જંતુ કે દેવ એતો માત્ર વાસણના ભેદનીજેમ છે (ઉપાધિભેદ).

વિદ્યુત પ્રવાહ,જે અનેક સાધનોમાં જુદા જુદા કાર્યો દ્વારા વહીને પોતાને વ્યક્ત કરે છે તેવું આ છે. વિદ્યુત પ્રવાહમાં કોઈ ભેદ નથી. તે તો એક સમાન જ છે. એમાં ભેદ છે એવું કહેવું એ તો પોતાનું અજ્ઞાન દર્શાવવા બરાબર છે. એવી જ રીતે, એક જ પરમાત્મા ભિન્ન ભિન્ન ઉપાધિઓનો આશ્રય કરી અનેક પરિણામો

આપે છે. પ્રજ્ઞાવાન વ્યક્તિ આ સહુની પાછળના એક પ્રવાહને ઓળખી લે છે, જ્યારે અજ્ઞાની વ્યક્તિ તે બધાયમાં અલગતા (જુદાપણું) જુએ છે. બધા કર્મો પાછળ પરમાત્માના ચૈતન્યતત્વની એકતા રહેલી છે. દરેક જરૂરિયાતોને અનુકૂળ હોય તે પ્રમાણે ભિન્નતા ભલે ભાસે, પણ કર્મોની એકતા જ કાર્ય કરે છે. અને તે ભિન્ન ભિન્ન કર્મો કરે છે. કર્મોના ફળ તો તેમને જ લાગુ પડે છે જેઓ પોતાની જાતને દેહ માને છે. જેઓ પોતાને અમર આત્માના જ્ઞાતા હોવાનું માને છે તેઓને કર્મફળ લાગુ પડતા નથી.

અને હા ! તમારે એ જાણવું જ જોઈએ કે અવતારોના વૈવિધ્યને કોઈ અંત તો નથી જ. અગણિત વખત 'તેઓ' આવ્યા જ છે. ક્યારેક'તેઓ''એમની'ભવ્યતાના અંશરૂપે, તો કોઈ વાર પૂર્ણ રીતે ખીલી ઉઠીને, કોઈકવાર કોઈ એક ચોક્કસ હેતુ પાર પાડવા, તો કોઈ વખત યુગપ્રવર્તક સ્વરૂપે.

આ વાતોનો વિસ્તાર જ ભાવગત કરે છે. અવતાર રૂપે ભગવાન જે રીતે કાર્ય કરે છે અને ભક્તો તેમની તરફ જે રીતે આકર્ષાય છે, એ જ તો ભાગવતની કથાવસ્તુ છે. ભાગવતનું શ્રવણ ઈશ્વરપ્રાપ્તિ સુધી દોરી જાય છે. અનેક સંતોએ ભાગવતના સામર્થ્યને આધારે સિદ્ધિ પ્રાપ્ત કરી છે અને તેનો મહિમા વધાર્યો છે.

સામાન્ય રીતે જોતાં, માનવી, વૃત્તિઓનો શિકારથવાથી ઈન્દ્રિયજન્ય વિષયો તરફ ખેંચાય છે. વૃત્તિઓ ઈન્દ્રિય વિષયોને ગ્રહણ કરે છે, જે દેહ સાથે સંકળાયેલ છે. આ માટે કોઈ તાલીમની નથી જરૂર પડતી. બાળક જન્મતાની સાથે જ માતાના સ્તનમાંથી દૂધ મેળવે છે, અને ગાયનું જન્મેલું નવું વાછરડું ગાયના આંચળનો આશ્રય લે છે. આ માટે કોઈ તાલીમની જરૂર નથી પડતી. પરંતુ બાળકને ચાલતા કે બોલતા કરવા, કાંઈક તાલીમની જરૂર રહે છે. કારણ કે તે બાબત એટલી સહજ નથી. આ બાબત અવલોકન થકી અને અનુકરણ કરવાથી જ મળે છે.

ઈન્દ્રિય સુખોના યોગ્ય ઉપભોગ માટે, તાલીમની જરૂર છેજ, કારણ આવા સુખો મેળવવા માટેની આંધળી દોટને કારણે ક્રોધ, ધિક્કાર, અસૂયા, ઈર્ષા,દંભ જેવા દુર્ગુણો જન્મે છે. આબધાને યોગ્ય માર્ગે પ્રશિક્ષિત કરવા અને કાબુમાંરાખવા માટે જરૂરી એવી કેટલીક સારી બાબતો જેમકે જપ, ધ્યાન, ઉપાસના, સંધ્યાવંદન વિગેરેજરૂરી બને છે. પરંતુ, આ બધી (સારી) બાબતોની અગત્યતાના ગમ્મે તેટલા વખાણ કરીએ કે તે માટે ભલામણ કરીએ, લોકોનેતેમાં રસ પડતો જ નથી. કારણ માનવીનાહૃદયમાં ઈન્દ્રિય સુખોના મૂળ ઘણાં ઊંડા ઉતરી ગયેલા છે. જ્યારે કોઈને આધ્યાત્મિક કાર્યો/પ્રવૃત્તિ તરફ વાળવામાં આવે છે ત્યારે તેને અંદરથી કોઈ હોંશ કે ઉત્સાહ હોતોજ નથી. તો પણ નિરાશ થઈ પથ છોડવો જોઈએ નહીં. આ બાબતો માટે રસ ઉદભવે નહીં ત્યાં સુધી શિસ્તબદ્ધ પ્રયત્નો,સાતત્યપૂર્વક કરતા જ રહેવા જોઈએ. આવો રસ ઉદભવવો તે તાલીમને કારણે જ શક્ય બને છે. આ કાંઈ પહેલેથી જ હોય છે એવું નથી. સતત પ્રેકટીસ

કરતા રહેવાથી ઝંખના વધે છે. નવજાત બાળક, દૂધનો સ્વાદ જાણતું નથી હોતું, પરંતુરોજલેતા રહેવાથી તેનેતે પ્રત્યે એટલી બધી આસક્તિજન્મે છે કે જ્યારે દૂધ છોડાવીને બાળકને અન્ન પર ચડાવવાનુંથાય છે ત્યારે તે બાળક, તેનો વિરોધ કરે છે. પરંતુ માતા નિરાશ નથી થતી. તેણી, રોજ થોડો થોડો ભાત, બાળકને ચટાડતી રહે છે અને પરિણામે આ સતત અભ્યાસને લીધે બાળકને ભાત ભાવતો થાયછે અને તે દૂધ છોડી દે છે. એક કાળે, દૂધ તેનો નૈસર્ગિકઆહાર હતો, પરંતુ સતત મહાવરાથી, હવે ભાત તેનોકુદરતી આહાર બની ગયો, એટલી હદે, કે હવે જો તેને એક પણ દિવસ ભાત ન મળે, તો તે દુઃખી દુઃખી થઈ જાય છે.

આવી જ રીતે શરૂઆતમાં ઈન્દ્રિય સુખો ભલે નૈસર્ગિકલાગતા હોય, પરંતુ પ્રેક્ટીસ,પ્રશિક્ષણથીઅને જ્ઞાનીઓનાઉપદેશને કારણે ધીમે ધીમે, ઈશ્વરની ભવ્યતામાં, તેનાકથા-કીર્તનમાં રસ જામતો જાય છે અને સ્થિર પણ થતો જાય છે. હવે સ્થિતિ એવી આવે છે કે, આના વગર એક પળ પણ પસાર કરવી મુશ્કેલ લાગે છે. એને એવું લાગે છે કે ઈશ્વરની ભવ્યતાના ગુણાનુવાદ સાંભળવા જેવું મધુર બીજુ કાંઇ છે જ નહીં. દુનિયાદારી સંગાથો, તેને ઈન્દ્રિય ભોગોની વાતોગમ્મે તેટલી કરે,તે હવે ઈન્દ્રિય સુખો તરફ આકર્ષાશે જ નહીં. જે કંપની (સાથ) ઈશ્વરના ગુણગાન કરવામાં રચ્યા-પચ્યારહે, તે જ કંપની તેને ગમવા લાગશે અને તે તેને જ વળગી રહેશે.

આ એક સારાપણાની નિશાની છે. સાધકો અને ભગવદ્ ભક્તો આના થકીજ ઓળખાય છે અને નહીં કે બાહ્ય દેખાવ કે પોશાકથી. ઈન્દ્રિય સુખો અને પ્રવૃત્તિમાં રચ્યા-પચ્યા રહેનાર લોકોમાં,જો આવી વ્યક્તિ ભળી જાય તો તે પોતાની જાતને (દિવ્યઆનંદના વાડાની) બહાર કરીદે છે. તમારો સમય ભગવદ્જનો અને ભગવદ્ પ્રવૃત્તિઓમાં જ પસાર કરો. અભક્તોનો સંગ ક્યારેય કરશો જ નહીં. તેમની પ્રવૃત્તિઓ જોશો પણ નહીં અને તેમની વાતો કાને ધરશોપણ નહીં. જેઓ આવા લોકોને છોડી શકે છે તેઓ જ સાચા ભાગવતો (ભગવદ્ ભક્તો) કહેવાય છે.

ભગવાન કૃષ્ણની ભવ્યતાની વાર્તાઓ-કથાઓ વાંચવી-સાંભળવી અને એ પણ કોઈ પવિત્ર સ્થાને, કે મંદિરમાં કે પછી પ્રાર્થના સભાગૃહમાં કે પછી કોઈ સાધુ કે સંતના આશ્રમમાં કે પછી એવા સારા અને મુમુક્ષુઓ વચ્ચે સમુહમાં-તે તો ખરેખર પ્રેરણાદાયી અને આનંદ આપનાર છે. શ્રોતાઓ જ્યારે આ કથા સાંભળે છે ત્યારે તેમને ખૂબ આનંદ મળે છે. લોકો બીજુ બધું ભૂલી જાય છે. અથવા તો કોઈ પવિત્રોત્તમ સજ્જનનો સંપર્ક કરી, તેની સાથે રહીને, તેની સેવા કરતા કરતા, તેના મુખેથી ભગવાનની ભવ્ય-દિવ્ય વાતો સાંભળવા મળે તે ગ્રહણ કરી લેવી. આવાશ્રવણનો સ્વાદ જ કાંઈ અલગ હોય છે કારણતેમાં ઈશ્વરની ભાવાનુભૂતિ અને પ્રેમરસ હોય છે. આ ગુણ જ,આવા સત્સંગનો ચેપ લગાવે છે. શરૂઆતમાં તો શ્રવણ કરવું એ જ પુરતું છે. ત્યાર પછી, તે

વાર્તાઓ, ભગવાનના સ્વરૂપ, સ્વભાવ અને ગુણોમાં ખૂબ રસ જગાવશે અને પછી તો સાધક પોતાની જાતને મુક્તિના માર્ગે ચાલતો જોશે.

જાતે વાંચવા કરતા, કોઈ સંત-સમાગમ થકી, ભગવાનની નિરૂપણ થતી વાતો સાંભળવી એવધુ સારૂ છે. અથવા તો કથા સાંભળતા-સાંભળતા, પુસ્તકમાં ધ્યાન પરોવી શકાય. એકલા સાંભળવા કરતા સમૂહમાં સાંભળવું વધુ સારૂ છે. હા, સાચેજ ! અનેક સાધકોની સાથે મળીને સાંભળવું એ વધુ ઉત્તમ છે. વક્તાને જો ઈશ્વરાનુભૂતિ થઈ હોય તો તેના મુખેથી વાતો સાંભળતા રોમાંચિત થઈ જવાય છે અને એ જ તો સદભાગ્ય છે. કારણ તેનું મુખકમળ ભાવવિભોરથઈ ઉઠે છે, તેની આંખોમાંથી પ્રેમાશ્રુ વહેવા લાગે છે. જેઓ તેમને સાંભળશેતેઓને ખરેખર પ્રેરણા મળશે. તેમને પોતાને ખૂબ આનંદ થશે. અશ્રુ ઢાળી રહેલસમુહમાં જઈ ચડતા, તેની આંખોમાંથી પણ ધારા વહેવાલાગશે. નવજાતબાળક હસે છે ત્યારે તેની આસપાસના બધા મલકી ઉઠે છે. તેવી જ રીતે જેમની વાણી ભગવદભાવથી / ભક્તિથી તરબોળ થઈ ગયેલી હોય તેવા વક્તાનેસાંભળવાથી, શ્રોતાના હૃદય પણ ભક્તિમય બની જશે. સંત-સજ્જનોના સંગમાં રહેવાથી શું અને કેટલો લાભ થાય છે તેની ગણત્રી કરવી શક્ય જ નથી.

વધુ આવતા અંકે........

### દૈવી મહિમાનો પ્રભાવ

# પ્રેમનો પ્રવાસ

### શ્રી એન. કસ્તુરી

ભગવાન શ્રી સત્ય સાઈબાબા સાથે મુસાફરી કરવાનો એક અનેરો જ આનંદદાયક અનુભવ હોય છે. શ્રી કસ્તુરી,જેમને ઘણીવાર આ વિશેષાધિકાર મળ્યો છે તેમણે તેમનાં પુસ્તક "પ્રેમપૂર્ણ ઈશ્વર" માં તેમના અનુભવો વર્ણવ્યા છે.

જ્યારે જ્યારે મને ભગવાનની કારની પાછળની કારમાં બેસીને તેમને અનુસરવાની તક મળી છે ત્યારે હું આનંદથી અભિભૂત થયો છું. જ્યારે ભગવાનના કાફલામાં ઘણાં વાહનો હોય છે ત્યારે તેમની કારની પાછળ ક્યું વાહન હશે, તેનો ક્રમ, વાહનમાં દરેક સભ્યો કોણ ક્યાં બેસશે તે ભગવાન નક્કી કરે છે. ભગવાનની કારને અનુસરતી કારમાંથી હું પ્રફુલ્લિત થયેલા આનંદિત ચહેરાઓનો સમૂહ જોઈ શકું છું. જે ક્ષણ તેઓ દિવ્ય સ્વરૂપે તે જુએ છે. વર્ષોથી ભવ્ય ક્ષણની રાહ જોતાં ઉભેલા લોકોની તરફ બાબા હંમેશા હાથ હલાવતા હતાં. મેં જોયું છે કે હિમાલય તળેટીના સર્પાકાર રસ્તાઓ, બ્લ્યુ પર્વતમાળાઓ, અન્નામલાય કોમ્પ્લેક્ષ, કોડાઈ કેનાલની ઉંચાઈ ઉપર કામ કરતાં આદિવાસીઓ કે જેને કોણ ઓળખે. તેઓ નમીને રસ્તાને પ્રણામ કરતાં જ્યાંથી ભગવાનની કાર પસાર થતી હતી.

બાબાએ જાહેરાત કરી છે કે આ વખતે અવતારે શિક્ષક(સત્ય બોધકા)ની ભૂમિકા સંભાળી છે. રામ તરીકેનો અવતાર મુખ્યત્વે રાક્ષસોમાંથી છુટકારો મેળવવા માટે હતો તેમ છતાં બાબાએ તેમની રામકથા રસવાહિનીમાં જણાવ્યું છે કે રામ નિયમિતપણે નાગરિકોની સભામાં નૈતિકતા અને આધ્યાત્મિક્તા વિશે પ્રવચન કરવામાં રોકાયેલા હતાં. ભાગવત પુરાણમાં, સંબંધિત કૃષ્ણની કથામાં શિક્ષક તરીકેની તેમની ભૂમિકાના ફક્ત બે દાખલા છે. એકવાર અર્જુન,પ્રશ્નો પૂછ પૂછ કરનાર તરીકે અને પાછળથી ઉદ્ધવ સાથે. પરંતુ બાબા તો નાના બાળકની જેમ પગલાં માંડતાતા અને બાળકોની બોલી બોલતા હતાં ત્યારે પણ તેમને ગુરુ તરીકે સ્વીકારવામાં આવ્યા હતાં. તેમણે જાહેર કર્યું છે કે તે માનવ સ્વરૂપે આવ્યા છે અને ત્રેતાયુગના રાક્ષસોએ પોતાને પાપમાંથી મુક્તિ અપાવવા રામને પ્રાર્થના કરી હતી અને તેઓ હાલ ધરતી પર વસી રહ્યાં છે તેમને બચાવવા માટે આવ્યો છું. તેમને વિનાશથી બચાવવાની પદ્ધત્તિ પણ કેવીછે,તેમણે કહ્યું છે કે "દર્શન, સ્પર્શન અને સંભાષણ" તેમની હાજરી વિશેની જાગૃતિ, તેમના દૈવીય પ્રભાવની પ્રાપ્તિ અને તેમના ઉપદેશોને જીવનમાં વણી લઈ તેને વાસ્તવિક કરવાની છે. તેથી બાબા માનવજાતના તમામવિભાગોમાં, તમામ દેશોમાં હંમેશા સ્વીકૃતિ પામ્યા છે. તેઓ અવતર્યા છે, કારણ કે આજે દુનિયાને દિવ્યપ્રેમ અને ઊર્જારુપીશસ્ત્રો ધારણ કરનાર એક શિક્ષકની જરૂર છે, કે જે,વિકૃત અને સીમિત પ્રેમ અને વિનાશ સર્જનાર શક્તિને લીધે થનાર ભયાનક આપત્તિઓમાંથી બચાવી શકે.

ત્રિવેન્દ્રમ (તિરૂવનંતપુરમ્) ખાતે સ્વામી, એક પ્રસંગે નિવૃત્ત હેડ માસ્તર,કે જે એક ભક્તના સસરા હતાં તેમની સાથેરહ્યાં. જ્યારે કેરળ રાજ્યના રાજ્યપાલ ડૉ.બી રામકૃષ્ણરાવને બાબાના પ્રવાસની ખબર પડી ત્યારે તેમણે ચાલાકી કરી અને વિનંતી કરી કે તેમની આગામી મુલાકાત વખતે બાબાએ રાજ ભવનમાં રોકાવું. રાજ્યપાલે જાહેર કર્યું હતું કે એક વકીલ તરીકેની તેમની સફળતા, હૈદ્રાબાદના નિઝામની સ્વતંત્રતા સામે દેશભક્તિના બળવા પછી તેમનું અસ્તિત્વ, આઝાદ હૈદ્રાબાદના મુખ્યપ્રધાન તરીકે તેમની પસંદગી થવી અને કેરળના રાજ્યપાલ તરીકેની તેમની નિમણૂક થવી, આ બધું જ ભગવાનની અવિરત કૃપાને કારણે જ શક્ય બન્યું હતું.

બાબા ટૂંક સમયમાં જ કેરળ પરત ફર્યા અને રાજ્યપાલના મહેલમાં તે સમયે રોકાયા. રાજા રેડ્ડી અને મને તેમની સાથે રહેવાની મંજૂરી આપવામાં આવી હતી. પરંતુ પાર્ટીના અન્ય સભ્યો હેડમાસ્તરના મહેમાન હતાં. તે તેઓ જ હતાં જેમણે બાબાની અગાઉની મુલાકાતના સમાચાર રાજ્યના વડાને પહોંચાડ્યા હતાં. બાબા તેમના નિવાસ સ્થાનેથી તામિલનાડુ જવા રવાના થયા પછી હેડમાસ્ટરને, તેમના બાળકોના અભ્યાસ તરફ ધ્યાન આપવા માટે બોલાવ્યા હતા અને જે

ઘટનાઓને કારણે તેમનું ઘર-એક સ્વર્ગની જેમ બની ગયું હતું, તેને તે બરાબર સાચવી ન શક્યા.

આ પ્રસંગે બાબાએ એક જાહેર સભાને સંબોધિત કરવાની સંમતિ આપી હતી. જ્યાં રાજ્યપાલ અધ્યક્ષપદે રહેવાના હતાં. જ્યારે હું કારમાંથી ઉતરી રહ્યો હતો ત્યારથી જ,હું માત્ર ધ્યાનનું કેન્દ્ર જ નહીં પણ રાજભવનમાં સકારાત્મક ચિંતાનું કારણ બન્યો હતો. કારણ કે જ્યારે હું પાલઘાટ (પલ્લકડ)થી મુસાફરી કરતો હતો ત્યારે રસ્તામાં જમારો અવાજ બંધ થઈ ગયો હતો. જ્યારે મારી આસપાસ સહાનુભૂતિ વ્યક્ત કરનારા અને ચિકિત્સકોને, મારી લાચારી વ્યક્ત કરવાનો પ્રયાસ,હું ફક્ત વિચિત્ર ચેનચાળાથી જ રજૂ કરતો હતો. બીજા દિવસે સાંજે મારે માટે દૈવી સંદેશનું ભાષાંતર કરવાની તક ગુમાવવાનું જોખમ ઉભું હોવાથીમેં દરેકના હુકમનુંપાલન કયું,બધા ઉપચારોના સંયુક્ત હલ્લાથી મારી બીમારી કદાચ ભાગી જાય અને ફરીથી અવાજ મેળવવાની આશા રાખીને દરેક પ્રિસ્ક્રિપ્શનનું પાલન કર્યું. ગળી જવું, બડબડાટ કરવો, કોગળા કરવા, ખાંસી કરવી,બૂમો પાડવી- આવા બધાં રસ્તાઓ મેં કરી જોયાં. આ એ બધું જ કર્યું હતું જે અવાજની ઝણઝણાટી ઉત્પન્ન કરી શકે. બાબા મારા રૂમમાં આવ્યા ત્યારે રાજા રેડ્ડી મને દિલાસો આપી રહ્યાં હતાં અને કરુણાપૂર્ણ રીતે આંસુ લુછતાં હતાં. બાબાએ કહ્યું,"આ બધું બંધ કરોઅને સુઈ જાઓ" બીજી સવારે મારી એ જ દયનીય દુર્દશા થઈ. દુભાષિયા તરીકે, રાજ્યપાલ કોઈ વિકલ્પ અથવા સ્ટેન્ડબાય શોધવામાં પોતાની જાતેકામ કરવા માંગતા ન હતાં. હું જ્યારે પણ ડૉ.રાવને મળતો ત્યારેઈશારા વડે સુચવવાનો પ્રયત્ન કરતો અને મારી જાતને ખાતરી આપતો હતો કે,જ્યાં બાબા હોય છે ત્યાં બધું જ સારૂ થશે.

સાંજ જલ્દી થઈ ગઈ. રાજ્યપાલની લીમોઝીન ગાડી આવી ગઈ. મને અંદર જવા કહેવામાં આવ્યું. ઉત્સુક ચહેરાઓથી હોલ ઉભરાઈ રહ્યો હતો. બાબા સુશોભિત મંચની મધ્યમાં મુકેલી ખુરશી પર બેઠા. રાજ્યપાલઆવ્યા. તેમણે ભગવાનનું અભિવાદન કર્યું અને પસંદગીના સારા વાક્યો બોલ્યા. હું હવે રાહ જોતો હતો કે, બાબા મલયાલમમાં બોલીને તેમને આશ્ચર્યચકિત કરી દેશે. તેઓ ઉભા થયા અને મને બીજા માઈકનીઆગળ ઉભા રહેવા માટે ઈશારો કર્યો. જેવું તેલુગુમાં પ્રથમ વાક્ય પુરું થવા આવ્યું મેં મલયાલમમાં મારો મોટો અને સ્પષ્ટ અવાજ સંદેશાને પ્રસારિત કરતો સાંભળ્યો. જે હું ક્યારેયરજૂ કરી શકું નહિ તેના કરતાં વધુ અસલ અને સરસ અવાજ સાંભળ્યો. મારો અવાજ પણ મારા કાનને વિચિત્ર લાગ્યો જે આખા હોલમાં નવો કંપિત સ્વર હતો.

જ્યારે બાબા કેપ તરફ આગળ વધ્યા ત્યારે મેં હિરો જોયો જે ચાંચિયાઓએ ૩૦૦ વર્ષ પહેલા કન્યાકુમારીની મૂર્તિની નથણીમાંથી ચોરી લીધો હતો. જ્યાં આજે સુરક્ષિત સ્થળે, તેને રાખવામાં આવ્યો છે ત્યાંથી, તે બાબાના

હાથની લહેર દ્વારા અસ્થાયી રૂપે અમારી સમક્ષ લાવવામાં આવ્યો હતો. ભગવાનના પગલાંમાંથી પ્રગટેલા મણકાઓને મેં સમુદ્રની રેતીમાંથી વીણી લીધાં. મેં મણકાને ગણીને દોરામાં પરોવ્યા.હું બાબાની બાજુમાં રમુજ સાંભળતો હતો પરંતુ જ્યારે સમુદ્રના મોજાએ મારો શર્ટ ભીંજવી દીધો ત્યારે હું સજાગ થયો. મેં જોયું કે વરુણની લહેરનું બાબા દ્વારા સ્વાગત કરવામાં આવ્યું અને નમ્રતાથી ઘોષણા થઈ,"જુઓ દરીયો મારા પગ પખાળવા ઇચ્છે છે અને જોત જોતામાં દરીયાએ ચરણકમળની ફરતે-૧૦૮ મોતીની માળા પહેરાવી દીધી, જે ફક્ત સમુદ્ર જ પ્રદાન કરી શકે છે.

બીજો અનુભવ જે મારી સાથે રહ્યો તે ભગવાનની તેમના પ્રવાસના અંતે, અર્નાકુલમ ટાઉનહોલના ભાષણનો હતો. બાબાએ તેમની પ્રશંસાની સ્વીકૃતિ સાથે લોકોની આધ્યાત્મિક ઝંખનાને સ્વીકારી. તેમણે જણાવ્યું કે તેઓ ટૂંક સમયમાં ફરી કેરળ આવશે અને રાજ્યના ઉત્તર ભાગથી દ્વીપકલ્પની ટોચ -જ્યાં કન્યાકુમારી આવેલું છેત્યાં સુધી દરેક શહેરમાં થોડા દિવસો પસાર કરશે, જ્યારે આ વચન મેં તેઓની ભાષામાં રજૂ કર્યું ત્યારે ત્યાંના ઉત્સાહિત લોકોએ છતને લગભગ નુકશાન પહોંચાડ્યું. કાલિકટ (કોઝીકોડ) રેડિયો સ્ટેશનના સ્ટેશન ડિરેક્ટર શ્રી મુરલી કે જે સ્વામીને, તેમની રેકોર્ડીંગ વાન સાથે અનુસરી રહ્યાં હતાં તેમણે પ્રસારણની સુવિધા તૈયાર કરી બાબાના ભાષણોના ફકરા ભેગા કર્યા. ભગવાનના અંતિમ ભાષણની અંતિમ થોડી મિનિટો દરમ્યાન કરવામાં આવેલ સ્વીકૃતિ અને વચન તેના માનવા પ્રમાણે એક મોટી વાત હતી. જ્યારે બાબા ટુંક સમયમાં કેરળની ફરી મુલાકાત લેશે એવા સમાચારફેલાયા ત્યારે કેટલાક મિત્રોએ પુષ્ટિ મેળવવા માટે મુરલીને ફોન કર્યો. મુરલીએ જણાવ્યું કે આ સમાચારસાચા છે. તેમણે કહ્યું,"જો બાબા આવતા મહિનાના અંત સુધીમાં નહીં આવે તો મેં નક્કી કર્યું છે કે ટેપ લઈને પુટ્ટપર્તિ જઈને તેમના ઈન્ટરવ્યુ દરમ્યાન તે વગાડીશ, હું તેમને તેમના પોતાના શબ્દો તેમને જ સંભળાવીશ".

તેમના મિત્રો, મુરલી દ્વારા જે હિંમત દર્શાવાયી તેના પ્રશંસક હતાં. તેઓએ ટેપ વગાડવાનું કહ્યું. તેઓએ બાબાનોઅવાજ સાંભળ્યો. તેઓએ ખૂબ આશીર્વાદ આપ્યા. ટેપ આગળ ચાલ્યું અંતિમ મોડ સુધી પહોંચી ગયા પરંતુ લાંબા સમયથી રાહ જોવાતું વચન ક્યાં હતું? તે રેકર્ડ પર નહોતું. જ્યારે મુરલીએ ગર્વભેર કહ્યું હતું કે "હું તેમને સંભળાવીશ" ત્યારે જ આ નિર્ણાયક વાક્યનો જ સફાયો થઈ ગયો હતો. ભગવાનનું તેલુગુ અને મારું મલયાલમ બન્ને પુરાવા ચાલ્યા ગયા હતાં. જ્યારે મુરલીએ મને પાછળથી આ અનુભવ વિશે જણાવ્યું ત્યારે મને સમજાયું કે બાબાએ કેવી રીતે સામાન્ય વાતચીતનો ગર્ભિત સૂર પકડી પાડ્યો અને તેમની શારીરિક હાજરીથી સો માઈલ દૂર ઓફિસમાં લોક એન્ડ કી માં રાખેલ ટેપ પર તકનિકી રીતે અશક્ય એવો ફેરફાર કર્યો હતો. એક ઘમંડી, વિચિત્ર

પબ્લિસિટી વૃત્તિવાળી વ્યક્તિને "આંચકા દ્વારા સારવાર" આપવામાં આવી હતી.

પવિત્ર વૈકુંઠ એકાદશીના દિવસે, હિન્દુ પૌરાણિક કથા અનુસાર સ્વર્ગના દરવાજા બધા માટે ૨૪ કલાક ખુલ્લા રાખવામાં આવે છે. બાબાકેરળનાદરિયાકાંઠે આવેલા શહેર એલેપ્પી (અલેપ્પ્યુઝા) ખાતે હતાં. અમે આશા રાખી અને પ્રાર્થના કરી કે હંમેશની જેમ તે દિવસેતેઓ આપણાં માટે અમૃત બનાવશે. પરંતુ બાબા પોતાની જાતને પૂર્વવત્ત અથવા ચોક્કસ હેતુપૂર્ણ રીતે બાંધતા નથી. તેમનું જે મોહક વાસ્તવિક સ્વરૂપ છે તેની સાથે તે અમને બાંધે છે. અમૃતને બદલે તેમણે કૃષ્ણની મૂર્તિ બનાવી અને તેના યજમાનોને તે જ સ્વરૂપમાં પોતાની ઉપાસના શરૂ  કરવા કહ્યું. મને તેમનાપ્રેમના બીજા પુરાવાની ખાતરી આપવામાં આવી જ્યારે તેમણે મને એક સંદેશા સાથે ત્રાવણકોરના મહારાજાના ખાનગી સચિવનીપાસે મોકલ્યો. સચિવ તેમના મહારાજા પાસેથી પ્રાર્થના પત્ર લાવ્યા હતાં કે "ભગવાન મહેલને પવિત્રકરો અને મહારાજાને આશીર્વાદ આપો" મારે તેમને કહેવું હતું કે બાબા જે મકાનમાં છે ત્યાંથી તેઓ મકાન છોડશે નહિ અને એક વ્યક્તિની ઈચ્છા સંતોષવા માટે, ત્યાં રહેલા લોકોનાં જૂથને નિરાશ નહીં કરે. બાબાતે કહેવડાવ્યું છે કે હું જ્યાં છું ત્યાં મહારાજા આવી શકે છે. બાબાની પરવાનગી મળતાંની સાથે જ મહારાજા આવી ગયા અને તેમને આશીર્વાદ રૂપી ફળ મળ્યું. બાબા શ્રીમંતઅને ગરીબો સાથે અલગ-અલગ રીતે વર્તતા નથી. અન્યોની જેમજ ગરીબ લોકોની સાથેપ્રેમથી વર્તે છે. તેઓ ભાવનાની સમૃદ્ધિને ઓળખે છે અને તેનેમૂલવે છે.

જ્યારે બાબા,બોમ્બે (મુંબઈ)ગયા હતાં અને ડઝનથી પણ વધુ પ્રસંગોએ ત્યાં રોકાયા હતાં, ત્યારે મને તેમની સાથે રહેવાનો વિશેષ લ્હાવો મળ્યો હતો. બેંગ્લોરથી ધારવાડ, બેલગામ, સાતારા અને પુના થઈને મુંબઈ સુધીની લાંબી મુસાફરીએ મને, તેમની હાજરીની આભામાં સ્નાન કરવાની આનંદદાયક તક આપી. હું જે કારમાં બેઠો હતો તે કાર મુંબઈ તરફ જતી  હતી ત્યારે ઘણાં બધાં અપશુકન, વિસ્ફોટ અને સ્લીપસનો ભોગ બની હતી. ત્યાર બાદ બાબાએ મને હુબલી નજીક ખાતરી આપી હતી કે હવે કોઈ આફત/મુશ્કેલીઓ આવશે નહિ. હું મુંબઈના ગ્વાલિયર પેલેસ પહોંચ્યો જ્યાં બાબા પહેલેથી જ પહોંચી ચૂક્યા હતાં. કાર એક ઈંચ પણ વધુ આગળ વધી શકે તેમ  નહોતી. તેની આંતરિક ખામીઓને કારણે તાત્કાલીક રીપેરીંગ થઈ શકે તેવી કોઈ આશા જ નહોતી. પરંતુ તેમના અવાજથી ૬૦૦ માઈલથી પણ વધુ અંતર સુધીકાર સુરક્ષિત રીતે મુંબઈ આવી હતી. ભક્તોની ભીડ ખૂબ હતી, સ્વામીની દરેક મુલાકાતે હજારોની સંખ્યામાં ભક્તો ઉમટી પડતાં હતાં. ઉત્સાહી લોકોએ મલબાર હીલ, કાર્મીકલ રોડ, વરલી ખાતેના ગ્વાલિયર પેલેસ, અંધેરી મેન્શન વગેરે ખાતે તેમનાં દર્શન કરવા અને તેમનેસાંભળવા માટે કલાકોના કલાકો વીતાવ્યા હતાં.

હું બાબા સાથેના લોકોમાં હતો. જ્યારે તેઓ ધર્મક્ષેત્ર ઉભું કરવા મુંબઈ શહેરની બહારના વિસ્તારમાં જગ્યા શોધવા ગયા હતાં. હું તે સ્થળ પર હાજર હતો. જ્યારે તે ટેકરી જેના પર ઉભી છે તે હેતુ માટે પસંદ કરવામાં આવી હતી. હું ઘણો ભાગ્યશાળી હતો કે જ્યારે ફાઉન્ડેશન તકતીનું ઉદ્ધાટન થયું હતું. હું સ્વામી દ્વારા ધર્મક્ષેત્રના ઉદઘાટનના દિવસે, ગોળાકાર બેઝમેન્ટના 'કોર્નર' પથ્થરના ભુમિપૂજન તથા પવિત્રિકરણના શુભ પ્રસંગે હાજર હતો.

૧૯૫૮ ના દશેરા દરમ્યાન, ભગવાનની ઉપસ્થિતિમાં કવિઓ દ્વારા તેમની પોતાની કવિતાઓના પઠનનો કાર્યક્રમ હતો. તે સાંજે મેં ભગવાનનાં પ્રવચનોની ચમત્કારિક શક્તિ ઉપર એક કવિતા વાંચવાનુંસાહસ કર્યું. ભય અને નસીબમાં ભીંજાયા વિના, કોઈ આવા ભરપૂર વર્ષાના અનુવાદની હિંમત કેવી રીતે કરી શકે?

આ નાદ શુદ્ધ મધ છે.
પારિજાતના પુષ્પોના પરાગથી સ્વર્ગની
મધમાખીઓએ સંચિત કરેલ.
આ સાદ અત્યંત વિશદ છે.
ઓહ! અદભુત! આત્માને સમાધિસ્થ કરતો
ગંગા તરીકે વહેતો, બંધનમુક્ત કરતો,
ખાલી પાક અને વાવણી માટે,
સમૃદ્ધ પાક આપતો
જોગના ધોધની જેમ ઉભરાતો
વ્હીલીંગ અને વાયરીંગ માટે અનંત ઊર્જાનું
ઉત્પાદન કરતો,
આ પ્રવચન તો એક પ્રવાહ છે,
ધસમસતો પણ અત્યંત પ્રાસાદિક,
તેથી ઉત્સાહપૂર્ણ આટલો તરલ,
શિક્ષકનો અવાજ,ક્યારેય ઉપદેશકનો નહીં,
મુશ્કેલ ગાંઠ(ગુંચો)ને ઉકેલતો,
બધી શંકાઓને પૂછતા,અંધકારમાંથી
પ્રગટતા પહેલા સ્થિર કરી દેતો, નિર્ધારિત
શુદ્ધિકરણ કરતો,
પાઈનીંગને આશ્વાસન આપતો,
આદેશ આપતો,
હા, ગર્વને દૂર કરવા કહેતો,
ધર્માંધ અને મૂર્ખ બંનેને ઠપકો આપતો,
મજાકમાં મજાક ઉડાવી દેતો, ઠેકડી ઉડાવતો,
તેજસ્વી આનંદકારક કવિતા,અમૃતપ્રપાત,
ગુણાતીત સત્ય તરફ ડોકિયું કરતાં સુંદર
નાના ચિત્રો,
કહેવતો,દંતકથાઓ અને વાર્તાઓ,
ઝબુકતી તેલુગુ વાણીને,
દરેક શબ્દ એક મંત્ર, દરેક વાક્ય એક સૂત્ર,
દરેક વાક્યે ગાયત્રી, દરેક ભાષણે ઉપનિષદ,
દર કલાક એક મિનિટ,દર મિનિટ એક સેકંડ

બાબાની હાજરી, તેમનો અવાજ, તેમના શબ્દેશબ્દ, તેમનું વલણ, તેમનો સંદેશ લાખો લોકોના મગજમાં છલકાઈ જાય છે. હું આશરે ૨૫ વર્ષ પહેલા કન્નન હાઈસ્કૂલ, ચિત્તુરની તેમની મુલાકાતને યાદ કરું છું. જ્યારે તેઓ વિશાળ સભાને સંબોધિત કરી રહ્યાં હતાં ત્યારે ફૂટબોલ મેદાન પરની એક આકર્ષક ઘટનાબની. વેગ દ્વારા કાબુ, સ્પંદનોની શક્તિ અને રહસ્યમય ભવ્યતાની અસરને આત્મસાત કરવા માટે, શક્તિવિહિન

સંખ્યાબંધ વ્યક્તિઓ એક પછી એક ભાવમૂર્છામાં સરી પડ્યા,તેમાંથી તેરજણને દૂર કરીને પથારીમાં સુવડાવ્યા, બાબાએ કહ્યું કે "અવતાર, જો જાતે લગાડેલા પડદાના આવરણને આંશિક પણ ખોલે તો માનવનું મન કદી પણ ઝીલી ન શકે તેવું તેજ પ્રગટે".હું માનું છું કે તે સાંજે બાબાએ તે પ્રમાણે કરવા ઇચ્છ્યું હતું કે બધા શ્રોતાઓને ઉત્તેજનાત્મક ભાવનાઓનો ધસારો સાંખી શકે તે માટે પૂરતા પ્રમાણમાં બળ આપવું. કારણ કે આ પ્રકારની ઘટના કોઈ પ્રવચન અથવા સભા દરમ્યાન થઈ નથી.

એક વખત કાકીનાડા ખાતે મંચની આગળની ત્રણ શેરીઓમાં, એક સામે, બે બાજુ ડાબે અને જમણે બધે જ માણસોથી ભરાઈ ગઈ હતી. (દરેક છાપરાંઓ માણસોથી ભરેલા હતાં) બાબા આ 'ભૂતિયા સભાને'સંબોધવા ઉભા થયા. અને પ્રવચન શરૂ કરતાં પહેલા તેમણે સભાના દરેક સ્થળે, જમીન અને છત ઉપર, ત્રણે દિશામાં નમ્રતાપર્વક ૫ મિનિટ સુધી જોયું. પ્રવચન સમાપ્ત થયા પછી અમારી સાથે વાતચીત કરતી વખતે બાબાએ એ નવલકથાનાભાગનો ઉલ્લેખ કર્યો. "હું તમને કહુંકે મેં આમ કેમ કર્યું?" હું તે મકાનોની છતનેબળ આપતો હતો. જ્યારે તે બનાવવામાં આવ્યાં હતાં ત્યારે કોઈએ ધાર્યું નહોતું કે એક દિવસ આ છાપરા ઉપર સેંકડો માણસો આવી જશે. પેલા વૃક્ષોની ડાળીઓમાં બેસેલા માણસોના સમૂહને જોયા હતાં?"

આમા કોઈ નવાઈ નથી કે બાબાએ તેઓની રક્ષણ કરનારી નજર તેમની ઉપર રાખીને ભરાઇ ગયેલા શ્રોતાઓના પતનને અટકાવ્યું. ચિત્તુર અને પછીથી નેલ્લોરની આસપાસના ઘણાં ગામોમાં અને નેલ્લોરમાં પણ ભગવાને હજારો લોકો સાથે વાત કરી. તેમણે તેમના આ દયાનાં મિશનને ભાગવતના કાલીય મર્દન તરીકે વર્ણન કર્યું છે. વાસ્તવમાં માણસનાં હૃદયમાં વીંટળાઈરહેલા કાલીય નાગમાંથી ટપકતા ઝેરને સર્વત્ર ફેલાતા રોકવાનું કામ તેઓ કરે છે. કૃષ્ણએ બાળપણમાં કાલીયા નાગની ફેણ ઉપર નૃત્ય કર્યું હતું અને જ્યારે તેમનાં ચરણકમળથી દરેક ફેણને નરમ અને શાંતિથી દબાવવામાં આવતી હતી ત્યારે ઝેરની થેલીઓ ખાલી થતી હતી અને ફીણ નીચે પડી જતું હતું. તે જોવાનો મારા માટે ખરેખર એક મોટો અનુભવ હતો કે સમગ્રક્ષેત્રના ચહેરાઓ એક નવા વૈભવ સાથે ચમકતાં જોયા. લોકોએ મને પ્રેમ સ્વરૂપ તરીકે ઓળખવો જોઈએ તેમ બાબાએ જણાવ્યું. તે પ્રેમના મૂર્તસ્વરૂપ છે. તેમણે લોકોને લોભી અને સ્વાર્થી માણસો દ્વારા ખોટી રીતેદિશાનિર્દેશ ન કરવામાટે ચેતવણી આપી, તેમણે સલાહ આપી ''જોઈલો, ધ્યાન રાખો,અભ્યાસ કરો, તમારા પોતાના ઉપર અને તમારા આંતરિક અનુભવને આધારે મૂલવો.

રાજમહેન્દ્રી (રાજમહેન્દ્રવરમ્) માં બે શ્રોતાઓ હતાં. એક પિતા અને તેનો એક કિશોર દીકરો. તેઓ મંચથી ઘણાં દૂર ઉભા હતાં તેઓ દૂરથી પ્રવચનને સાંભળી શકતા હતાં. પરંતુ

તેમને માટે બાબા તો એક નારંગી રંગનો ભાગ જ હતાં. પુત્રને ભગવાનની વીર સાહસ કરવા તથા આત્મજ્ઞાનની ઉંચાઈ પ્રાપ્ત કરવાનીવાત ગમી ગઈ તે તેનાં પિતા સાથે ઘેર પાછો ફર્યો પરંતુ તેને તો તે સર્વશક્તિમાનના ખોળે કે જે તેનું વાસ્તવિકઘરહતું ત્યાં પાછા ફરવાની ઝંખનાહતી. તેણે એક અઠવાડિયામાં જ તેની ઝંખનાપ્રાપ્ત કરી. પિતાએ બાબાને પત્ર લખ્યો કે "મને એક પવિત્ર અને મક્કમ મન વાળો પુત્ર આપવા માટે આપનો આભારી છું. હું જાણું છું કે, તે તમારામાં ભળી ગયો છે. મેં આજે ખુશીથી વિધિ પૂર્ણ કરી છે''. ભગવાનના શબ્દો સાંભળીને પરિવર્તન આવતું હોય છે, ચાહે ધીમું કે અચાનક-પણ આવે છે નોંધપાત્ર રીતે.

# મફત પરંતુ આદર્શ આરોગ્યસંભાળનું ભગવાનનું મિશન

**- ડો. નિલમ બિપીનચંદ્ર દેસાઈ**

હું આશ્ચર્યચકિત થઈ વિચારી રહી હતી કે જે સંસ્થાએ એના અસ્તિત્વના 30 વર્ષ પૂરા કર્યા છે, તેના વિશે શું લખવું? આરોગ્યસંભાળ ક્ષેત્રે 30 વર્ષ પૂર્ણ કરવા,એ સંસ્થા માટે ખરેખર મહાન સીમાચિહ્નરૂપ ઉપલબ્ધિ છે. ખાસ કરીને જ્યારે ઘણા બધા પડકારો સામે ઊભા હોય અને શંકા કરતા હોય કે શ્રી સત્ય સાઈ હાયર મેડિકલ સાયન્સીસની સંસ્થા શરૂ થશે કે કેમ અને તે સતત કાર્યરત રહેશે કે કેમ ? કારણકે આ સંસ્થા સંપૂર્ણ મફત છે. લોકો શંકા એવી સેવી રહ્યા હતા કે આ સંસ્થા એક વર્ષ પણ ચાલશે કે કેમ ? હું ખાતરીપૂર્વક કહી શકું છું કે શંકાશીલ લોકો શાંત થઈ ગયા છે. તેઓ તેમની વાણીથી ઉપર જઈ શક્યા નથી. કારણકે હોસ્પિટલ આજે પણ જીવંત છે અને એક વર્ષ નહીં, પરંતુ 30 વર્ષના વાણાં વાયા છે ત્યારે વધુને વધુ સમૃદ્ધ થઇ પ્રગતિના સોપાનો સર કરી રહી છે.

## મફત આરોગ્ય સંભાળ શક્ય છે.

વર્ષ ૧૯૯૧માં આ સંસ્થાની સ્થાપના થઈ,ત્યારથી અત્યાધુનિક તકનીકના આધારે, આરોગ્યસંભાળ પ્રદાન કરવા માટે તેણે નોંધપાત્ર પ્રશંસા પ્રાપ્ત કરી છે. આદર્શ આરોગ્ય સંભાળના ધોરણો, સંસ્થાએ સંપૂર્ણ મફત સારવાર આપવા છતાં પણ, ચાલુ રાખ્યાં છે, એટલું જ નહીં પ્રેમ અને કરુણાના વાતાવરણમાં દર્દીની સારવાર કરવામાં આવી રહી છે. દર્દીને ત્રિપરિમાણીય : શારીરિક, માનસિક અને આધ્યાત્મિક રીતે વ્યાપક સારવાર આપવામાં આવી રહી છે. અહીં દર્દીના રોગ માટે જ નહીં પરંતુ સમગ્રતયા માનવીય ધોરણે ઉપચાર કરવામાં આવી રહ્યો છે.

દિવ્ય સ્થાપક, ભગવાનશ્રી સત્ય સાઈ બાબાનોમુદ્રાલેખ છે : “આરોગ્ય અને શિક્ષણ માનવજાત માટે મફત જ હોવાં જોઈએ”. આ જ

બાબત અહીં આપણને દરરોજના કાર્યોમાં જોવા મળે છે. આ એવી સંસ્થા છે, જ્યાં વ્યક્તિએકવાર એના પ્રવેશદ્વારમાં દાખલ થાય છે ત્યારે એના રોગ સંબંધી નિદાન માટે જ આવે છે પરંતુ તે કે તેણી સંપૂર્ણ સાજા થયા બાદ બહાર નીકળે છે ત્યારે એની બિમારીના ઉપચાર સહિત સમગ્રતયા માનવીય પાસાઓ માટે એક પણ પૈસાનો ખર્ચ કરતો નથી. એ સાચું જ કહેવાયું છે કે ૨૧મી સદીએ જ્ઞાનની સદી છે. આજે, આપણે એના ક્રાંતિકારી માહિતી અને સંદેશા વ્યવહારના સાક્ષી છીએ. આપણે વૈશ્વિક સમાજના સંક્રમણમાંથી પસાર થઈ રહ્યા છીએ અને દરેક માટે સમાન તકો રહેલી છે. આ બધાની વચ્ચે આપણે ગરીબ અને વંચિત લોકોને પીસાતા જોઈએ છીએ. જેઓ રોગના આક્રમણના વધારાના બોજને સહન કરી શકતા નથી.

વૈજ્ઞાનિક પ્રગતિ અને અદ્યતન તકનીકહોવા છતાં રોગોનો ઈલાજ વિશાળ બહુમતી માટે વધુ દુર્ગમ છે. વારંવાર એવું જોવા મળ્યું છે કે ઘરના એક વ્યક્તિનુંદુઃખ, સમગ્ર કુટુંબના જીવનભરની બચતને સફાચટ કરી નાંખે છે. આ સ્થિતિમાં દરેકને,આદર્શ આરોગ્ય સંભાળ તેમની પૃષ્ઠભૂમિને ધ્યાનમાં લીધા વિના પૂરી પાડવી,દૂર દૂર સુધી અશક્ય લાગે છે.

તેમ છતાં આપણા દેશમાં આરોગ્ય ક્ષેત્રે આપણે નોંધપાત્ર પ્રગતિ કરી છે. પરંતુ હજી સુધી સમુદાયનો મોટો વર્ગ પ્રાથમિક આરોગ્યથી વંચિત છે. અને ચિંતાની બાબત એ છે કે જન્મ સમયનો, બાળકોનો અને શાળાકીય ઉંમરના બાળકોનો મૃત્યુદર વધારે છે. આપણું બંધારણ સાર્વત્રિક આરોગ્ય સંભાળની કલ્પના કરે છે જે આપણાં દેશમાં પ્રાપ્ત થવું જોઈએ. તેથી આપણાં બધાની ફરજ છે કે જેમને શૈક્ષણિક અને આરોગ્ય સંભાળનો ફાયદો મળેલ છે તેમણે નિષ્ઠાવાન પ્રયત્નો કરવા જોઈએ કે આપણાં દેશમાં એક પણ દર્દી આરોગ્ય સેવાથી વંચિત ન રહેવો જોઈએ. તેમ છતાં આ બાબતે ભગવાન જ એક શક્તિમાન છે કે જે પ્રાપ્ત પણ કરી શકે અને સતત જાળવી પણ શકે છે. આ રીતે, ગરીબોની દુર્દશાથી દ્રવિત થયેલા ભગવાને આ વિશાળ માનવતાવાદી પ્રોજેક્ટ હાથમાં લીધો, કે જેમાંની આપણી આ સંસ્થા આરોગ્યના પાંચ સિધ્ધાંતો ઉપર સ્થાપિત કરવામાં આવી છે. આ સિધ્ધાંતો મુજબ આરોગ્ય સંભાળ: (૧) સાર્વત્રિક, (૨) મફત, (૩) પ્રેમ અને કરુણાંથી વહીવટ કરનાર, (૪) નિવારક અને (૫) વ્યાપક હોવી જોઈએ.

**<u>સંસ્થાની સ્થાપના અને વિકાસ.</u>**

૨૩ નવેમ્બર,૧૯૯૦નું વર્ષ હતું. તે ભગવાનનો ૬૫મો જન્મદિન હતો. જ્યારે “તેમણે” જાહેરાત કરી કે એક વર્ષના ગાળામાં “તેઓ” ૧૦૦ કરોડ રૂપિયાની કિંમતની સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલની સ્થાપના કરશે. તેમાં કાર્ડિયોલોજી, કાર્ડિયાક સર્જરી, નેફ્રો-યુરોલોજી, ન્યુરોલોજી અને પલ્મોનરી મેડિસિન સંપૂર્ણ મફત હશે. શું કોઈ છ માસના ગાળામાં, ૨૬,૭૩૦ સ્કે. મીટર પ્લીન્થ એરિયા અને

૧૩,૭૪૫ સ્કે. મીટરનું બાંધકામ ઊભું કરવાના અણસાર આપી શકે? ૧,૮૫,૦૦૦ સ્ક્વેર ફૂટની આ હોસ્પિટલ પ્રથમ સંપૂર્ણ મફત સેવા આપનારી સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ છે. દુનિયાભરમાં આ માત્ર એક જ છે. વિશ્વમાં ત્રિસ્તરીય આરોગ્યલક્ષી સેવા પહોંચાડવા સાત માસના ટૂંકા ગાળામાં જ એ બાંધવામાં આવી હતી. જેવું બિલ્ડીંગ તૈયાર થઈ ગયું કે તરત જ પ્રથમ ચાર મોટા પ્રકારની હૃદયની શસ્ત્રક્રિયા, એના ઉદઘાટનના દિવસે જ કરવામાં હતી. ત્યાર પછીના વર્ષોમાં સંસ્થાનો વિકાસ જુદા-જુદા વિભાગોના ઉમેરાથી અને શૈક્ષણિક પ્રવૃત્તિઓનો વિકાસ, ડી.એન.બી. કાર્યક્રમ રૂપે થતો જ રહ્યો છે. શ્રીસત્યસાઈઈન્સ્ટીટ્યુટઓફ હાયર મેડિકલ સાયન્સ, પ્રશાંતિગ્રામ(SSSIHMS-PG) ૩૦૦ પથારીની તૃતીય કેર હોસ્પિટલ છે. જેમાં ૧૪ સર્જીકલ થિયેટર્સ, ૧ ઈન્ટેન્સિવ કેર યુનિટ, ૧ ક્રિટિકલ કેર યુનિટ, ૧ હાઈડિપેન્ડન્સી યુનિટ, ૨ કાર્ડિયાક કેથેટેરાઈઝેશન લેબોરેટરીઓ, ૫ મેડિકલ અને સર્જીકલ વોર્ડો અને ૨૪ કલાક ઈમરજન્સી યુનિટ છે.SSSIHMS-PG માં નીચે મુજબની ખાસ સુવિધાઓ છે:

કાર્ડિયોલોજી (નવેમ્બર ૧૯૯૧થી)
કાર્ડિયોથોરાયસિસ સર્જરી (નવેમ્બર ૯૧થી)
યુરોલોજી (નવેમ્બર ૧૯૯૨થી)
ઓપ્થોલ્મોલોજી (નવેમ્બર ૧૯૯૪થી)
પ્લાસ્ટિક સર્જરી (જુલાઈ ૧૯૯૭ થી)
ઓર્થોપેડિક્સ્ (જુલાઈ ૨૦૦૬ થી)
મેડિકલગેસ્ટોએન્થોલોજી(જુલાઈ૨૦૦૮થી)

સંસ્થાની શરૂઆતથી અત્યાર સુધી સંસ્થામાં આશરે ૩૭ લાખ બહારના દર્દીઓ ૩.૮ લાખ સર્જરીઓ અને અન્ય સારવારો આપવામાં આવી છે. જેમાં આજે પણ ૪૫થી ૫૦ સર્જરીઓ, ૧૪ ઓપરેશન થિયેટરોમાં કરવામાં આવે છે. જેમાં ૧૨ થી ૧૪ ઓપ્થોલ્મોલોજી (આંખ સંબંધી), ૧૦ થી ૧૨ યુરોલોજી, ૭ ઓર્થોપેડિક, ૫ કાર્ડિયો - થોરાયસીસ અને ૯ થી ૧૨ પ્લાસ્ટિક સર્જરી દરરોજ કરવામાં આવે છે. હોસ્પિટલમાં આશરે એવરેજ ૫૫૦ બહારના દર્દીઓને તપાસવામાં આવે છે. અમે દરરોજ દાખલ દર્દીઓમાંથી સારવારના આધારે ૫૦ દર્દીઓને રજા આપીએ છીએ.૪૫ થી ૫૦સર્જરીઓના ડોક્યુમેન્ટ તૈયાર કરીએ છીએ. અમે ૩૦૦ એક્ષ-રે રિપોર્ટ, ૧૨ સી.ટી.સ્કેન, ૧૦ એમ.આર.આઈ. અને ૫૦ અલ્ટ્રાસાઉન્ડ પ્રક્રિયાઓ પણ દરરોજ કરીએ છીએ. ૨૦૧૪-૧૫ ના વર્ષમાં હોસ્પિટલનો મરણનો રેશિયો ૦.૯૭% અને મોર્બીડીટી (રોગિષ્ઠ મનોવૃત્તિ) રેશિયો ૧.૬૭% હતો. જે દેશમાં સૌથી ઓછામાં ઓછો છે.

હોસ્પિટલમાં એક અત્યાધુનિક ડાયગ્નોસ્ટિક લેબ સેટઅપ ઈન હાઉસ છે. આ લેબ તપાસની તમામ આવશ્યક સ્પેશ્યાલિટીઓ પૂરી પાડે છે. આ લેબમાં ૪૦૦ સેમ્પલોની એક દિવસમાં તપાસ કરવામાં આવે છે, જેવા કે બાયોકેમેસ્ટ્રી, માઇક્રોબાયોલોજી, પેથોલોજી, ક્લિનિકલ હેમેટોલોજી અને સંપૂર્ણ રીતે સજ્જ બ્લડબેંક છે.

લેબના તમામ સાધનો અમારા કેન્દ્રિય ડેટાબેઝમાં એચ. ૧૭ દ્વારા કનેક્ટ કરવામાં આવેલ છે.

## માનવજાત પ્રત્યેના ભગવાનના પ્રેમના ફળ સ્વરૂપની સંસ્થા.

જે દર્દીઓ હોસ્પિટલની મુલાકાત લે છે તેઓ અમને આશ્ચર્ય અને કૃતજ્ઞતાથી જણાવે છે કે તેમની અહીંની મુલાકાતે તેમને વધુ સારા માનવ બનવા પ્રેર્યાછે. તેઓ તેમના સાથી ભાઈ-બહેનો માટે વધુ જાગૃત બન્યા છે. આ તેમને લહેરિયા અસરથી ભરે છે, જે તેમને બીજી વ્યક્તિને જાગૃત કરવા પ્રેરે છે. તેઓ અહીં કોઈ સ્વરૂપે થોડા સમય માટે સેવા કરવા માટે સેવાદળના સ્વયંસેવક તરીકે પણ આવે છે. તેઓ તેમના સાથી ભાઈઓને માહિતી પણ આપે છે કે આ હોસ્પિટલમાં આવુ સેવાનું કામ પણ ચાલે છે. દર્દીઓ અહીં તેમના દુ:ખ-હતાશાના છેલ્લા આશરા તરીકે આવે છે પરંતુ પુટ્ટપર્તી તેમનું બીજું ઘર બને છે અને પછી વારંવાર અહીંની મુલાકાતે આવે છે, કારણકે અહીં તેમને શારીરિક અને માનસિક આશ્વાસન મળે છે.આ પરિવર્તનના સાક્ષી બનવાની પ્રક્રિયા એ કદાચ “સ્વામી” એ આપેલી મને મોટામાં મોટી 'જ્ઞાન'ની ભેટ છે.

થોડા અનુભવો મારા જીવનમાં હંમેશા માટે યાદ રહેશે. એક નાના છોકરાનું ઉદાહરણ આપું તો, એક પાંચ વર્ષનો છોકરો ફક્ત આઠ કિલો વજનનો જ હતો. તે હૃદયની બીમારીથી પીડિત હતો. તેના બધા અંગો ઓક્સિજનની કમીના કારણે ભૂરા થઈ ગયા હતા. તેનું ઓપરેશન કર્યું. ઓપરેશન સફળ રહ્યું. પરંતુ તેમાં જટિલતા ઊભી થઈ. તેના ફૂગના પોલાણમાંથી પ્રવાહી વહેવા લાગ્યું. અમારા સંનિષ્ઠ પ્રયત્નો છતાં, તેના બંધ થવાના ચિહ્નો દેખાતાં ન હતાં, જેનાથી અમે પણ વાકેફ હતાં. હું દર્શન માટે ગઈ હતી ત્યારે સ્વામી અમારી લાઈનમાં આવ્યા, હોસ્પિટલ અને દર્દીઓ વિશે પૂછપરછ કરી. મેં તે છોકરા વિશે કહ્યું. સ્વામીએ અત્યંત ધ્યાનપૂર્વક મારી વાત સાંભળી અને મને પ્રગટ કરેલ વિભૂતિ આપી. તે વિભૂતિ મેં પેલા બાળકને આપી. કહેવાની જરૂર નથી કે સતત વહેતું પ્રવાહી બંધ થયું અને બાળક સારો થઈને ઘરે ગયો. ત્રણ માસ બાદ, એક દિવસ હું કોરિડોરમાં જોઈ રહી હતી, ત્યારે એક નાનો બાળક દોડતો મારી તરફ આવી રહ્યો હતો. હું એ બાળકને ઓળખી ન શકી. પરંતુ જ્યારે તેની માતા નજીક આવી ત્યારે મને ખ્યાલ આવી ગયો કે આ તે જ બાળક છે કે તેની માતા તેને ઉંચકીને લાવી હતી, ચાલી પણ શકતો નહતો. પરંતુ હવે તે સંપૂર્ણ સારો થઈ ગયો છે. તંદુરસ્ત અને હૃદયથી પણ પ્રસન્ન હતો. આ એક એવી ક્ષણ છે જે તમને અત્યંત ગર્વ, આનંદ અને પરિપૂર્ણતા બક્ષે છે. આવા જ બધાઅસંખ્ય અનુભવો, ઘણા બધા દર્દીઓએ અનુભવ્યા છે અને તેમણે સ્વામી અને તેમના પ્રેમનો અનુભવ કર્યો છે. તેમનામાં સારાપણા તરફના અભિગમને કારણે તેમનું જીવન બદલાઈ ગયું. આ બધા અનુભવોએ પણ પ્રગટ કરે છે કે ભગવાન સર્વજ્ઞાતા, સર્વ-શક્તિમાન અને સર્વ-વ્યાપી

છે. મેં પાંચ વર્ષના એક બાળકનું ઓપરેશન કર્યું. તે બાળક હૃદયના વાલ્વની બિમારીની સમસ્યાથી પીડાઈ રહ્યો હતો. તેના હૃદયમાં બે કાણાં હતાં આ એક જટિલ હૃદયની બીમારી હતી. મેં બંને કાણાં બંધ કર્યા અને વાલ્વ રિપેર કર્યો. પરંતુ કોઇ કારણસર હું મારાથી સુધારાયેલ વાલ્વથી ખુશ નહોતી. તેથી મેં ફરીથી બધું ઉઘાડી નાખ્યું. ફરીથી વાલ સુધાર્યો. આખું ઓપરેશન ફરીથી લાંબો સમય ચાલ્યું. અંતે, પરિણામ સારું આવ્યું અને દર્દી સારો થઈ ગયો. બીજા દિવસે હું દર્શન માટે ગઈ ત્યારે ભગવાન મારી પાસે આવ્યા અને કહ્યું, " ગઈ કાલે તમે નાના બાળકનો ખૂબ ગૂંચવણભર્યો કેસ હાથ ધર્યો. શરૂઆતમાં તમે ખુશ નહોતા. આથી તમે કેસને રીઓપન કર્યો. ફરીથી ઓપરેશન કર્યું અને બધું સારું જ થયું." શું સાક્ષાત્કાર !"તેમને" કોણે કહ્યું? આ સાબિત કરે છે કે "તેઓ" હંમેશાં આપણી સાથે છે. જ્યારે જ્યારે હું મારી સર્જરી પૂરી કરતી ત્યારે મને કોઈપણ ભજન કે ગીતની એક-બે પંક્તિઓ ગણગણવાની ટેવ હતી. આ બાબતની જાણ મને હતી અથવા મારા મદદનીશ ને હતી કે જેઓ મારી સર્જરી દરમ્યાન મારી સાથે રહેતા. હું ખૂબ જ હળવાશથી ગાતી હતી. આ એક મારી સર્જરી પૂર્ણ થયા બાબતની રાહતની પ્રતિક્રિયારૂપ હતી. આવી પંક્તિઓ ગાવાથી મારા મગજને રાહત થતી હતી. અખંડ ભજનનો દિવસ નજીક આવી રહ્યો હતો.સ્વામીનો જન્મદિન પણ નજીક આવી રહ્યો હતો. આ સમગ્ર ઉજવણી અઠવાડિયા સુધી ચાલતી હતી. બીજા શૈક્ષણિક કેમ્પસ જેવા કે અનંતપુર, વૃંદાવન અને મુદ્દનહલીથી પણ બધા હાજર રહેતા હતા. આ રીતે આખું વાતાવરણ જ ઉજવણીમય લાગતું હતું. અખંડ ભજનનો આગલો દિવસ હતો અને હું ભગવાનના દર્શન માટે ગઈ હતી. મારી સામે અનંતપુર કેમ્પસના વોર્ડન શ્રીમતી જયલક્ષ્મી ગોપીનાથ મેડમ બેઠાં હતાં. સ્વામી દર્શન આપવા આવ્યા અને મેડમ પાસે ગયા. તેમને અખંડ ભજનની તૈયારીઓ વિશે પૂછ્યું. પછી સીધા મારી પાસે આવ્યા અને મને કહ્યું કે શું તમે અખંડ ભજનમાં ગાઈ શકશો કે કેમ? આ પ્રશ્નથી હું આશ્ચર્યચકિત થઈ ગઈ અને જવાબ આપ્યો, "સ્વામી, કેમ ગાવું તે મને નથી આવડતું." તરત જ સ્વામીએ કહ્યું,"પરંતુ થિયેટરમાં તો તમે ગાવો છો?" ફરીથી મારા માટે એક સાક્ષાત્કાર હતો. કારણ કે તેઓ આપણા વિશે બધું જ જાણે છે અને હંમેશા આપણી સાથે રહે છે. ભગવાનના શારીરિક પ્રસ્થાન બાદની આ ઘટના છે, જે એમના સર્વવ્યાપી હોવાનું પુરવાર કરે છે. કેટલાક લોકો મને પૂછે છે કે સ્વામીના શારીરિક પ્રસ્થાન બાદ તેમની હાજરી તમે અનુભવો છો કે કેમ? આ પ્રસંગ એની પૂર્તિ કરે છે. અમે હૃદયમાં કાણાંવાળો એક સાદો કેસ હાર્ટ સર્જરીનો લીધો હતો,મારા જુનિયર સર્જન સર્જરી કરી રહ્યા હતા. સર્જરી સારી રીતે થઈ, પરંતુ જ્યારે તેમણે છાતી બંધ કરવાની કામગીરી પૂર્ણ કરી ત્યારે દર્દીનું હૃદય અચાનક બંધ થઈ ગયું. એમણે તરત જ છાતી ફરીથી

ખોલી અને ફરીથી સર્જરી કરી. થોડા સમય બાદ દર્દીના શરીરમાં રહસ્યમય, અણધાર્યો સુધારો આવી ગયો. પાછળથી અમારા મુખ્ય એનેસ્થેનીસ્ટ પાસેથી જાણવા મળ્યું કે તેઓ જ્યારે દર્દીને ઓપરેશન થિયેટરમાં સારવાર આપી રહ્યા હતા ત્યારે દર્દીએ તેમને કહ્યું હતું કે,"ભગવાન" તેમને આગલી રાતે સ્વપ્નમાં આવ્યા હતા અને ખાતરી આપી હતી કે તેની સર્જરીસારી રીતે થશે અને તેઓ તેમના ઘરે, કુટુંબ પાસે સલામત અને સારી રીતે જઈ શકશે. આ સાંભળીને હું ખૂબ ખુશ થઈ અને ભગવાનમાં અમારી શ્રદ્ધા ફરીથી જીવંત થઈ અને ખાત્રી પણ થઇ કે ભગવાન આપણાથી આગળ વધીને બધું એમની ઇચ્છા મુજબ જ કરે છે. આપણે તો ફક્ત ભગવાનના એક સારા સાધન બનવાનું ચાલુ રાખવાનું છે. એક વધુ ઘટના મારા ધ્યાનમાં આવે છે. અમે એક છ વર્ષના બાળક ઉપર સર્જરી કરી હતી. તે આઈ.સી.યુ.માં સારો થઈ રહ્યો હતો. ઘણીવાર અમે સ્વામીનો ફોટો,તેમના લખાણો સાથે દર્દીઓને વહેંચતા હતા. ફોટો બધા દર્દીઓને આપ્યા પછી અમે તેમને પૂછવા લાગ્યા કે શું તેઓ સ્વામીને ઓળખે છે ? અને સ્વામી કોણ હતા?પેલો છ વર્ષનો દર્દી આતુરતાપૂર્વક ફોટો જોવા લાગ્યો અને જ્યારે અમે તેની પાસે પહોંચ્યા અને સ્વામી વિશે પૂછ્યું ત્યારે તેણે હસીને કહ્યું, આવા વાળવાળો એક માણસ દરરોજ રાઉન્ડ પર આવે છે અને મને પૂછે છે કે હું ઠીક છું?" કેવો સાક્ષાત્કાર ! ભગવાન હજી પણ અમારી વચ્ચે છે અને તેમના દર્દીઓની કાળજી લઈ રહ્યા છે. એક શુદ્ધ હૃદયનો છ વર્ષનો બાળક સ્વામીજીને જોઈ શક્યો આપણે મોટેરાઓ જોઈ શકતા નથી. વ્યક્તિગત સ્તરે પણ મેં જોયું કે મારી માતા ત્રણ દિવસથી ખભા અને ગળાના દુ:ખાવાથી પીડાઈ રહી હતી અને સ્વામીએ ત્રણવાર તેમનું દુ:ખ સારું કર્યું હતું. ઉપરાંત મારી માતા, બન્ને પગોના ફ્રેકચરથી પીડાઈ રહ્યાં હતાં અને તેમણે સારવાર લેવાની ના પાડી સિવાય કે સ્વામીની વિભૂતિ અને તેમના છેલ્લા દિવસ સુધી તેમણે દુ:ખાવાની કોઈ ફરિયાદ કરી નહોતી.

અમે આજે એ વિચારની ઉજવણી કરીએ છીએ કે જે ભગવાન દ્વારા ઉદભવ્યો, એમના દ્વારા દોરી જવાયો તે અમારી સમક્ષ ભવ્ય મકાનના રૂપમાં ઊભેલો છે અને ભવ્ય મકાનના ફળ મેળવવા અમે ઉજવણી કરીએ છીએ. આપણે 'એમના' અસ્તિત્વની ઉજવણી કરીએ છીએ.'એમણે' કરેલો વિકાસ અને સાતત્યતા તેમજ છેલ્લા ૩૦ વર્ષમાં કરેલ કામોની ગુણવત્તાના ધોરણ પર મફત આરોગ્યની સારવાર તરીકે દુનિયાભરમાં માન્યતા મળેલ છે.આ બાબતનું સર્ટિફિકેટ ક્વોલીટી કાઉન્સીલ ઓફ ઇન્ડિયા( **N.A.B.H** ) એ પણ આપેલ છે. એ કહેવાની જરૂર નથી કે આકાર્ય, પરીક્ષણો અને મુશ્કેલી વિના થયું નથી છતાં દરેક અવરોધની પાછળ સ્વામી ઉભા રહે છે, અમને માર્ગદર્શન આપે છે અને અમારું રક્ષણ કરે છે. સંખ્યાત્મક રીતે નહીં પરંતુ ગુણવત્તાત્મક સારવાર, માત્ર વ્યક્તિના રોગની જ સારવાર નહીં પરંતુ તેની સર્વાંગી

સારવાર, અને મફત સારવાર એટલે નહીં કે સામાન્ય અથવા નબળી સારવાર- આ બધા આધારચિન્હોને સથવારે ચાલતી આ હોસ્પિટલ-આ સંસ્થા શ્રેષ્ઠ પ્રકારની સારવાર આપવાની છાપ ધરાવે છે. આ સંસ્થા એક ડુપ્લીકેબલ મોડલ છે, જે કોઈપણ દ્વારા શરૂ કરી શકાય છે, જ્યાં વિચાર, વાણી, અને કાર્યની એકતાનો સંકલ્પ રહેલો હોય. આ હોસ્પિટલ દૈવી સંકલ્પનાનું ફળ છે. જ્યાં પરિપૂર્ણ અવતાર ભગવાન બાબાએ જીવનપર્યંત નિ:સ્વાર્થ પ્રેમ અને કરુણા સમગ્ર માનવજાત ઉપર વરસાવ્યાં છે.

**(લેખક, ડૉ. નિલમ બીપીનચંદ્ર દેસાઈ, શ્રી સત્યસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઓફ હાયર મેડિકલ સાયન્સીસ, પ્રશાંતિગ્રામ, પુટ્ટપર્તીખાતે ફેબ્રુઆરી ૧૯૯૩માં જોડાયા હતા,જ્યાં તેઓ આજ પર્યન્ત સિનિયર કન્સલ્ટન્ટ અને હેડ ઓફ ડિપાર્ટમેન્ટ ઓફ કાર્ડિયો થોરાયસિસ અને વાસ્ક્યુલર સર્જરી-તરીકે સેવા આપે છે.)**

### અવતાર વાણી

# સંકીર્તન દ્વારા વિશ્વશુદ્ધિ કરો.

કળિયુગ એક યુગ અજોડઅતુલનીય,પ્રભુ
નામ સ્મરણ ધ્યાનજીવન લક્ષ્ય સિદ્ધ થાય
!અબજોપતિ ન જીવી શકે
રજત-સુવર્ણ આહાર થકી,સર્વમાન્ય
અતિઆહાર
જીવન રક્ષક આધાર બને !કાળ કોઈને ન
છોડે,દોરડી સર્પ દીસે દુ:ખી સમયે
સુખ કાળે ધૂળ કંચન ફળે !કાળની એક
થપાટે વિદ્યાવાન બને મૂક
અને મુક બને સંત-પૂજાય
સંપત્તિ સાથ છોડે અને
દરિદ્રતાના પંજા પડે!
પ્રાર્થના થકી પણ
વિધિ નિયતિ ન ચલે, ---ઈચ્છા-તૃષ્ણા ત્યાગ
હે યુવાન,સ્મરીલે ઈશ્વર નામ
જે કરશે તે, તે કરશે
તું નાહક જીદ કરે !પાવન શુદ્ધ જીવન
જીવી લે તું, લે હરિનું નામ
વૈષ્ણવજનોનો સાથ સત્સંગ
તારે જીવન નાવ તમારી.... (તેલુગુ કવિતા)

<u>પરમાનંદની અનુભૂતિ કેવળ પૂર્ણ-અખંડ આંતરિક દર્શનથી જ થાય.</u>

વહાલા દિવ્ય પ્રેમ સ્વરૂપો, સમ્યક કિર્તનમ્ એટલે જ સંકિર્તનમ્.કિર્તન અને સંકિર્તનમાં મોટો તફાવત રહેલો છે.કિર્તન એ વ્યક્તિગત બાબત છે. પોતાની વ્યક્તિગત પ્રાર્થનાની ફળશ્રુતિ માટે કોઈ વ્યક્તિ કિર્તન કરે તે. સંકિર્તનનો હેતુ જ સમૂહગત કલ્યાણ-વૈશ્વિક કલ્યાણ માટે છે.આને સામાજિક ભજન (સમૂહગાન) પણ કહેવામાં છે. આ પ્રકારના ભજનની શરૂઆત શીખ ધર્મના સ્થાપક ગુરૂનાનક દ્વારા થઇ હતી. સંકિર્તન વિવિધતામાં એકતાનું દર્શન કરાવે છે. જ્યારે સર્વ ભાગ લેનારાઓ એક જ રાગમાં અને એક જ સૂરમાં

ગાન કરે તેને સંકિર્તન કહેવાય. સંકિર્તન પણ ચાર પ્રકારના છે; ગુણ સંકિર્તન, લીલા સંકિર્તન, ભાવ સંકિર્તન, નામ સંકીર્તન. ગુણ સંકિર્તન એટલે એવા ભજનો જેમાં ભક્તો પરમાત્માના મંગલ પવિત્ર ગુણોનું વર્ણન કરે, જેમાં પરમાત્મા સાથે એકત્વ અનુભવે અને ઈશ્વરીય ગુણોની પ્રાપ્તિ કરે. ત્યાગરાજ આ શૈલીના કિર્તનના પ્રણેતા હતા. તેમણે એક ભજનમાં ગાયું હતું, " ઓહ ભગવાન, આપ તો સર્વ શબ્દોથી પર(શબ્દાતીત) છો. આપની સ્તુતિ અથવા આપની સિદ્ધિનું વર્ણન કરવું એ બ્રહ્મા કે અન્ય દેવોને માટે શક્ય છે ખરુ? હું તો આપની કૃપા પ્રાપ્ત કરવા આતુર છું. કૃપા કરી મારી પ્રાર્થનાને લક્ષમા ધરો. આપે તો મૃત્યુના દેવે (યમરાજે)હરી લીધેલ ગુરુના પુત્રને નવજીવન બક્ષ્યું હતું. આપે તો કામદેવને જીત્યા હતા. આપે તો વસુદેવ-દેવકીનેકેદ મુક્ત કર્યા હતા. અને જ્યારે દ્રૌપદીએ સંકટમાંથી પાર ઉતારવા આજીજી કરી ત્યારે તેનું રક્ષણ કર્યું હતું. આપ જ તો પાંડવોના સંરક્ષક બન્યા હતા. આપે તો કુચેલાને દરિદ્રતામાંથી મુક્ત કર્યો હતો. અને આપે જ તો ૧૬000 કન્યાઓને પરવશતામાંથી મુક્તિ આપી હતી. આ રીતે ત્યાગરાજે પોતાના ભજનમાં પ્રભુના મહાન ગુણોનું વર્ણન કર્યું હતું. ગીતગોવિંદમ્ એ લીલા સંકિર્તનનો પ્રકાર છે. લીલા સંકિર્તન ભગવાનનાં દિવ્ય ગાન-નૃત્યોનું ગાન છે. જેમાં ભક્ત પોતે પણ તેમાં સંપૂર્ણ તન્મય-લીન થઈ જાય છે. મહાકવિ જયદેવનું ગીતગોવિંદ આ શૈલીનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. ભાવ સંકીર્તનનું એક માત્ર શ્રેષ્ઠ ઉદાહરણ રાધા છે- જે પોતાના ભજનમાં ભગવાન કૃષ્ણ પ્રત્યેની પોતાના પ્રેમ અને લાગણીને પોતાની કૃષ્ણ ભક્તિના રૂપમાં અભિવ્યક્ત કરતી.રાધાની ભક્તિમાં પણ પાંચ ભાવના દર્શન થતાં સંતભાવ,સખ્યભાવ, વાત્સલ્યભાવ, અનુરાગ અને માધુર્યભાવ. ભક્તોની સૃષ્ટિમાં ભાવ સંકિર્તનના શ્રેષ્ઠતમ્ઉદાહરણ એટલે માત્ર રાધા અને મીરાં. ચૈતન્ય નામ સંકિર્તનના પ્રતિનિધિ હતા."સર્વનામધારી એક તું શ્રી હરિ ! સમગ્ર વિશ્વમાં એવો કોઇ પદાર્થ નથી કે જેમાં હરિનું નામ સ્વરૂપ ના હોય. સમગ્ર સૃષ્ટિમાં જે કાંઈ સુંદર હોય, ભવ્ય હોય તે સર્વ પ્રભુનું જ પ્રતિક હોય." ચૈતન્યના ભજનોનો પ્રધાન સૂર આ જ હતો. વિતેલા યુગોમાં ભક્તો ઉપરોક્ત પ્રકારો પૈકી એક અથવા બીજા પ્રકારમાં ભગવાનના સ્તુતિ ગાન કરતા. પ્રશાંતિ નિલયમના અંતેવાસીઓનું સદભાગ્ય છે કે તેઓ ચારેય પ્રકારના કિર્તનનો લાભ મેળવે છે. પ્રશાંતિ નિલયમમાં ગવાતા ભજનોમાં ચારેય પ્રકારના ભજનોનું સંકલન હોય છે.

**નામ લિખિતમ્ નું મહત્વ.**

ભગવાનની સ્તુતિ અને ગુણગાન ગાવાનો હજી પણ એક વિશિષ્ટ પ્રકાર છે. આ છે નામલિખિતમ્. ભગવાનના નામનું મનમાં ધ્યાન,મુખથી ઉચ્ચાર અને હાથથી લેખન આમ ત્રિકરણ શુદ્ધિ ( વિચાર શુદ્ધિ, વાણી શુદ્ધિ અને કર્મશુદ્ધિ ) ની પ્રક્રિયા થાય છે.

**ભક્તિગાન એ પ્રભુ પ્રત્યેના પ્રેમની અભિવ્યક્તિ છે.**

તો પછી સંકિર્તનનો હેતુ શું છે? સંકિર્તનનો તાત્વિક હેતુ તો પ્રભુનાં પ્રેમ સંપાદનનો જ છે. એ જ તો ભક્તિગાન (ભજન) છે. જ્યારે શબ્દોના અર્થ સમજ્યા વિના, અંતરની લાગણી કે ભાવ વિના કે પ્રભુ પ્રત્યેના સાચા પ્રેમ વિના ભજન ગવાય ત્યારે તે માત્ર ને માત્ર યાંત્રિક પ્રક્રિયા જ બની રહે છે. ભાવ, રાગ અને તાલ આ ત્રણ તો યોગ્ય ભજનગાનના મૂળ આવશ્યક તત્વો છે.ભાવ વિનાનું ભજન નિરર્થક છે. નામ સ્મરણ એ તો સર્વ આધિ વ્યાધિ અને ઉપાધિઓનો રામબાણ ઈલાજ છે-શ્રેષ્ઠ ઔષધ છે.જ્યારે ઈશ્વરના નામને સંગીત સાથે ગીત સ્વરૂપમાં ગવાય ત્યારે હૃદયમાં અનહદ આનંદ વ્યાપે છે.ઘણા વિદ્વાન પંડિતો શ્લોકો કે સ્તોત્રો બોલી જાય છે પરંતુ તેમના ગાનમાં કે ઈચ્છા કે પ્રાર્થનાનો ભાવ નીતરતોનથી. તો કેટલાક કલાકારો મોટે-મોટેથી પ્રભુના નામનો ઉચ્ચાર કરી શકે છે પરંતુ તેમાં લાગણીના ઊંડાણ નો અભાવ હોય છે. જ્યારે પ્રભુના નામને માધુર્યસભર ભાવે ગવાય ત્યારે ગાનાર અને સાંભળનાર સૌના હૃદયમાં ભાવ ઉત્પન્ન થાય છે.

ભજનમાં ન માનનારાઓ-નાઈશ્વરવાદીઓ (નાસ્તિકો)પણ તન્મય બની પ્રશંસાના ભાવથી ડોલવા લાગે છે.

**માધુર્યસભર ગાનનું સંધાન હૃદયના તાંતણા સાથે થાય છે.**

કેટલાક ભજનમાં હાજર હોય પરંતુ તેમના હોઠ પણ હાલતાં ન હોય. તેઓ કદાચ એવું કહે કે તેઓ મનમાં મૌનભાવે ગાન કરે છે. પરંતુ આ યોગ્ય નથી. જો તમારામાં ભક્તિ ભાવ જાગતો જ હોય તોસમૂહ સાથે જોડાઈને જીભ દ્વારા વ્યક્ત થવો જોઈએ. અને તો જ તે સંકિર્તન કહેવાય-સમૂહગાન કહેવાય.ભજનો ખુલ્લા અવાજે મોટેથી ગવાવા જોઈએ. અને ત્યારે જ પ્રભુનો પ્રતિસાદ સાંપડે-પ્રભુનો કૃપા પ્રસાદ પ્રાપ્ત થાય: જો ડૂબતા માણસનો અવાજ ન સંભળાય તો તેને કોઈ બચાવવા ન જાય. જ્યારે તે મોટેથી પોકારે અને તેનો અવાજ દૂર સુધી સંભળાય તો જ લોકો તેને બચાવવા દોડી જાય. સંકિર્તન નો અર્થ જ છે પૂરા ભાવથી, પૂરી શક્તિથી ગાન કરવું. પ્રત્યેક મનુષ્યે એ જાણવું જરૂરી છે કે આપણને ઈશ્વર દ્વારા પ્રાપ્ત થયેલ શરીરનું એકએક અંગ- ઉપાંગ કે અવયવ તેનાં શુભ હેતુસર ઉપયોગ માટે છે. આપણી જીવ્હા ઈશ્વરનામ રટણ માટે, આપણા હાથ ઈશ્વરની સેવા પૂજા કરવા માટે, આપણા પગ ભગવાનના મંદિરે જવા માટે વિગેરે. આપણા અંગોનો ઉપયોગ નિરર્થક-ક્ષુલ્લક કે અપવિત્ર હેતુ માટે ન કરવો જોઈએ. આપણી પ્રત્યેક ઈન્દ્રિયોને પવિત્ર રાખવા માટે આપણાં મનને શુદ્ધ કરી પરમાત્માના મનન-ચિંતન અને ધ્યાનમાં કેન્દ્રિત કરવું જોઈએ.

**પ્રદૂષિત વિશ્વને શુદ્ધ-પવિત્ર કરવાનો એક જ માર્ગ.**

મારા વ્હાલા દિવ્ય પ્રેમસ્વરૂપો, પ્રભુનામની મધુરતા, અને તેની પવિત્રતાનું

વર્ણન કરવું અશક્ય છે. જેટલાં ગાઢ-તીવ્ર ભક્તિભાવથી તમે પ્રભુનું ગાન કરશો એટલા જ ભાવથી ભગવાન તેના ફળ સ્વરૂપે તમને દિવ્યાનંદ પ્રદાન કરશે. બધાએ એક જ ભાવથી, એકસરખા રાગ અને સૂરમાં ભગવદ્ ગાન કરવું જોઈએ. આજે તો પૃથ્વીના પાંચેય તત્વો, આકાશ,હવા, અગ્નિ, જળ અને ભૂમિ સર્વે પ્રદૂષિત બન્યા છે. તમને નથી મળતું શુદ્ધ પાણી કે નથી મળતી શુદ્ધ હવા, તમારા કાને પડતા અવાજ પણ અશુદ્ધ છે.આખીધરતી પ્રદૂષિત થઈ છે. કળિયુગ આજે કલ્મશ્ યુગ (અશુદ્ધિનો યુગ) બન્યો છે.આ સર્વને શુદ્ધ-પાવન કરવાનો એક જ માર્ગ છે અને તે છે પરમાત્મ નામ રટણ. આજે તો લોકો પોતાનો મોટાભાગનો સમય ટી.વી.નિહાળવામાં જ વ્યતિત કરે છે. આવા સંજોગોમાં નવજાત શિશુઓ પણ ટી.વી.ની પેદાશ હોય તેમાં નવાઈ નથી. બાળકો તો શૈશવકાળથીટી.વી. અભિનેતાઓની માફક જ વર્તે છે. ટી.વી. જોઈને તેઓ દુ:સાહસ પ્રેરિત ખેલો કરવામાં જ વ્યસ્ત રહે છે. આના માટે માતા-પિતા જ જવાબદાર છે.વિતેલા દૂરના વર્ષોમાં સગર્ભા બહેનો પ્રહ્લાદ અને સત્યવાનની વાતો વાંચતી અને ગર્ભસ્થ શિશુ પર આની અસર પડતી હતી.

<u>દિવ્ય નામરટણ-ભગવદ્ સ્તુતિગાન થી વાતાવરણ શુદ્ધ થાય છે.</u>

ભગવદ્ ભજનના સમૂહગાનથી વાતાવરણમાંશુભ પરિવર્તન થાય છે અને જેના પરિણામે વાતાવરણમાં પવિત્ર-પાવનકારી તરંગો-મોજાં પ્રસારિત થતા રહે છે. અવાજના મોજાંના પ્રસારણનું શ્રેષ્ઠ ઉદાહરણ રેડિયો તરંગો છે જે કેટલા દૂરના અંતરથી પ્રસારિત થતા હોય છે અને દૂર દૂરના પ્રદેશોમાં ઝીલાતા હોય છે. અશુધ્ધ-ગલિત અવાજના મોજાંઓથી કલુષિત થયેલા વાતાવરણને શુધ્ધ કરવાનો માર્ગ છે દિવ્ય નામ રટણ.

(૩જી માર્ચ ૧૯૯૨ ના દિને પૂર્ણચંદ્ર હૉલમાં ભગવાને આપેલ દિવ્ય પ્રવચનનો અંશ)

**તમે ક્યારેય પણ મારી દષ્ટિની બહાર નથી; હર પળ મારી નજર તમારી જરૂરિયાતો પર રહેલ હોય છે અને તમારી સર્વ જરૂરિયાતોને સંતોષવા માટે, તમારા સંરક્ષણ માટે હર પ્રકારે હું તમને મારા દષ્ટિક્ષેત્રમાં જ રાખું છું. જ્યારે તમે સંપૂર્ણ પણે મારા શરણે છો ત્યારે કોઇ રીતે ક્યારેય પણ તમને નીચા ન પડવા દઇશ. તમને મારા જ અંશ માનું છું... હું - મારો આત્મા અને તમારામાં રહેલો આત્મા ભિન્ન નથી જ. હું તમને એટલો બધો પ્રેમ કરું છું કે તમને સુખી જોવા માટે, તમારી આધ્યાત્મિક સિધ્ધિ પ્રાપ્તિ માટે કાંઇ પણ કરી છૂટવા હું તત્પર છું. બસ, મારામાં શ્રધ્ધા રાખો; શ્રધ્ધા એ જ આપણી વચ્ચેનો સેતૂ છે. જો કે તમારા પૂર્વ જન્મોના ફળોની અસર તો રહે જ છે. ગત જન્મના કર્મોના ફળ આ જન્મમાં ભોગવવા જ પડે છે. કર્મફળમાંથી કોઇ મુક્ત નથી તેમ છતાં મારામાં રહો, મારી સાથે શ્રધ્ધાના બંધનોથી જોડાયેલા રહૌ તો કર્મફળમાંથી કદાચ સદંતર મુક્તિ તો ન મળે પરંતુ કર્મફળોની અસર હળવી તો થશે જ.**

**ડૉ. કેથરીન કપાહીના - ''ક્યાંય ગયો નથી હું'' માં થી સાભાર**

# ભગવાનશ્રી સત્ય સાઈબાબા સાથેના મારા અનુભવો

ડો. ગોતેતી સરસ્વતી

અમારે બીજા દિવસે બસમાં ચઢવાનું અને બદરી તરફ મુસાફરી કરવાની હોવાથી, સ્વામીએ અમને રાજ્યપાલના બંગલા નજીક હરિયાળી લોન પર જઈનેબેસવાનું કહ્યું, સ્વામીએ અમને કહ્યું "જુઓ, નજીકમાં ગંગા નદી વહી રહી છે. સવારમાં વહેલા ઊઠવાનું, ઠંડીની બહુ ચિંતા નહીં કરવાની, સ્નાન કરવાનું. તમારા બધા જ પાપ ગંગામાં ત્યજી દેવાના. તમારા બધા અવગુણો છોડવાના. શુદ્ધ બની બહાર આવો". અને તે પ્રમાણે જ અમે વહેલા ઉઠ્યા. તમને ખબર છે પ્રવાહનું જોર કેટલું જબરજસ્ત હોઈ શકે છે- તે ખુબ જ જોરદાર હતું. અમારે (સાકળ જેવા સાધનથી) મજબૂત પક્કડ જમાવીને ગમે તેમ પણ સ્નાન કરીને બહાર આવવાનું હતું. અમે તે પ્રમાણે જ કર્યું.

## સ્વામીએ એક ગાયને કેવી રીતે બચાવી.

બીજા દિવસે, અમે બસ દ્વારા નીકળ્યા. અમે જોઈ શક્યા કે કેટલીક બસો નીચે ખાડામાં પડી હતી. નીચે જઈને જોયું ત્યારે નીચે પડી ગયેલી બસોના પૈડા પાણીમાં તરતા જોઈ શક્યા. તે ખૂબ જ ડરામણા દ્રશ્યો હતા. પરંતુ સ્વામી અમને સાથે લઇ ગયા. શુદ્ધતા વિષે સ્વામીએ અમને જે પાઠ ભણાવવાના હતાં તે ભણાવ્યા. "જો તમને કંઈ જોઈએ છે, તો કહો," તેમણે કહ્યું. આપણે, ત્યાં તેમની પાસે, શું માંગવાના હતા? અમે તો માત્ર સ્વામી નજીક રહેવા માંગતા હતાં. અમારામાટે તો માત્ર તેઓ જ એક છે. જતી વખતે ઊંચી ઊંચી ટેકરીઓ ત્યાં હતી. એક વખત,એક ગાયને ટેકરી પર ચરતી જોઈ. નજીકમાં જ સ્વામી ચાલતા હતાં અને તેમની સાથે અમે પણ ચાલી રહ્યાં હતાં. અમે જ્યારે ગયા, ત્યારે તે ગાય ટેકરીની ઊંચાઈએથી નીચે પડી ગઈ.મેં કહ્યું,"ઓહ, સ્વામી! પેલી ગાય પડી! જ્યારે તે નીચે પડી, ત્યારે મેં માનેલું કે તે મરી ગઈ હશે. તે જમીન પર અમળાતી (પીડાતી) હતી. ત્યાર બાદ તે ઉભી થઈ અને ચાલતી ચાલતી જતી રહી. સ્વામીએ કહ્યું "તે સ્વામીની નજરમાં (દૃષ્ટિમાં) આવેલી. તમે શું માનો છો, તેનું શું થશે !!" આ બધા અમારા માટે પાઠ હતા. સ્વામીની દષ્ટિ આપણા પર હોવી જોઈએ, સ્વામીની દષ્ટિ હોય તો પછી કશુંયે થતું નથી. સ્વામીની દષ્ટિમાં તે હોય તો શું થઈ શકે?એ વિશે તમે શું વિચારો છો.

## ઈશ્વર પોતાના ભક્તોનું રક્ષણ કરવા માટે ઘણા સ્વરૂપે આવે છે.

સ્વામી વ્યક્તિગત વ્યવસ્થા કરી રહ્યાં હતાં, મોટેથી નામ વાંચતા,''આ લોકોને ડોલીમાં જવાદો, અને ફલાણા-ફલાણાને ઘોડા પર જવાદો અને અમુક અમુકને ચાલતા જવાદો. આ રીતે તેમણે પોતે જ દરેક જણ માટે ગોઠવણ કરી. તેમણે પ્રત્યેક માટે વાહન-વ્યવહારનો પ્રકાર વહેંચી દીધેલો. મેં કંઈકજુસ્સો બતાવીઘોડા પર સવારી ન કરવાનું નક્કી કર્યું. પરંતુ તેમને કહેવાની

હિમ્મત મારામાં ન હતી, કે મારે ઘોડો નહોતો જોઈતો. સ્વામી મને ઠપકો આપશે તો? તે બીકે હું ચુપ રહ્યો. સીતા રામય્યાની પુત્રી માટેનો ઘોડો આવ્યો. તે રીતે તેમણે દરેક માટે વ્યવસ્થા કરી અને અમે યાત્રા શરૂ કરી. બર્ગુલા રામકૃષ્ણ રાવ પાસે એક યાત્રા સંઘ હતો તેમાં તેમના કુટુંબીજનો હતાં. તેઓ પોતાની પાસે થોડી કોફી અને બિસ્કીટ રાખતા અને આગળ વધતાં. રસ્તામાં ત્રણ કે ચાર વખત તેમણે મને કહ્યું,"સ્વામીને ખોટું (ખરાબ) લાગે, મહેરબાની કરીને ઘોડા પર બેસીને આગળ વધો" હું કહેતો"કાંઇ વાંધો નહી સર!". હું જ્યારે જ્યારે તેમને જોવું,ત્યારે ત્યારે તે મને ઘોડા પર સવાર થવાનું કહેતા. ઘોડાઓ અમને ફાળવવામાં આવ્યા હતાં અને અમારી જોડે જ ચાલતા હતાં.

પર્વતીય માર્ગ બીલકુલ સીધા ચઢાણવાળો અને મુશ્કેલ હતો. અમે હાંફી જતા અને લાકડીના આધારે ચાલતા. અમે આગળ ગયા અને અમને તરસ લાગી. પરંતુ ન તો તેમની પાસેકે ન તો મારીપાસે પાણી હતું. રસ્તામાં પહાડી ઝરણાઓ આવતા હોય છે. જો આપણે તેમાંથી પાણી પીશું તો થોડોક સમય તરસ છીપાશે. પરંતુ ફરી પાછા તરસ્યા થયા તેથી અમે ચા ની નાનકડી દુકાન આગળ ઉભા રહ્યાં, અને તેના માલિકને પુછ્યું,"તમે અમને થોડુક પીવાનું પાણી આપી શકશો કે?"તેમણે કહ્યું,"હું તમને પાણી નહીં આપી શકુ, જો તમો ઈચ્છતા હો તો ચા જરૂર આપી શકીશ. અમે દુકાન માલિકને કહ્યું કે, અમારે પાણી જોઈએ,ચા નહીં. તેણે પાણી આપવાની ના પાડી દીધી, હવે અમે શું કરીએ? અમે બન્ને ચા તો પીતા ન હતાં. હવે અમે શું કરીએ?. અમે આગળ જવા ઉપડ્યા, અને થોડાક મીટર્સ ચઢ્યા. સીધા ચઢાણના રસ્તે, હાથમાં લાકડીસાથે ચાલતીએક ગઢવાલી સ્ત્રીઅમારી સામેથી આવતી હતી. તે ઊંચી, સુડોળ, સુંદર ચહેરાવાળી અને પ્રભાવી હતી. તેણીની પાસે એકના ઉપર એક એવું વાસણ (બેડું) રાજસ્થાનમાં હોય છે તેવું હતું. તે નીચે ઉતરતી હતી. મેં તેને પૂછ્યું,'શું ઉપર પાણી મળશે?' તેણે કહ્યું,'ના, જો તમે ઉપર જાવ તો પાણી નહીં મળે'. મેં કહ્યું,'હું તરસ્યો છું'. તેણે પૂછ્યું,'તરસ્યા છો?', નીચે બેસી જાઓ, હું પાણીની ધાર કરીશ. તેથી હું નીચે બેસી ગયો. અમે જ્યારે વાસણ માંગ્યું, ત્યારે તેણે અમને તે ન આપ્યું. તેણીએ કહ્યું,'નીચે બેસી જાઓ, હું પાણી રેડીશ'. મેં મારી સાથીદારને કહ્યું,'સીતા તું પણ બેસીજા. તેણીએ અમારા બન્નેના મોઢામાં પાણી રેડ્યું. અમે પાણી પીધું અને અમે સંતોષ પામ્યા. ઉપર આજુ-બાજુમાં ક્યાંય પાણી નહોતું. કોઈ ઝરણા પણ ન હતાં. થોડી વાર પછી તે સ્ત્રી અદૃષ્ય થઈ ગઈ. આપણી મુશ્કેલીઓમાં પ્રભુ કોઈપણ સ્વરૂપે આપણું રક્ષણ કરે જ છે. પુષ્કળ પ્રયત્નો સાથે ઉપર ચઢ્યો. થોડાક ચઢાણ પછી સીતાએ કહ્યું,"હવે હું વધારે ચાલી શકીશ નહીં, હું તે ઘોડા પર બેસીશ'. મે કહ્યું, વાંધો નહીં, ઘોડો તારી જમણી બાજુએ છે. સવારી કર". મેં તેણીને ઘોડા પર ચડાવી. મારો ઘોડો, મારી પાછળ ચાલતો હતો. અમે ઉપર પહોંચ્યા. તેઓએ અમને

શાળાના મકાનમાં ઉતારો આપ્યો.

સ્નાન કર્યા પછી, હું આડી પડી અને ઊંઘવા લાગી. બીજા ગૃપના બધા સભ્યો ત્યાં હતાં. સવાર અને સાંજ જ્યાં જ્યાં સ્વામી હોય ત્યાં ત્યાં તેઓ સ્વામીને આરતી અર્પણ કરતા. આ બધાથી હું ચીડાઈ જતી. 'આ બધુ શું છે? ગાવાનું, નમસ્કાર કરવાના કોઈ નિયમ કે તાલ નહીં, તેઓ આ રીતે ગાઈ રહ્યાં હતાં અને હું આડી પડી હતી.થોડાક અંતરથી હું ગીત સાંભળી શકતી હતી પણ ઊંઘમાં હતી. હું નિંદ્રામાં સરકી રહી હતી, ત્યારે મેં સાંભળ્યું,"દૃઢ નિશ્ચય, તેણીને ખૂબ મનોબળ છે, તે પર્વત ચઢી ગઈ. તે હવે થાકી ગઈ છે અને ઊંઘી રહી છે". આ શબ્દો મેં સાંભળ્યા, એક પરિચિત અવાજ. હું તરત જ ઉભી થઈ અને મેં જોયું કે સ્વામી ત્યાં ઉભા હતાં અને ઉપર ચઢવા માટેના મારા પ્રયત્નોની પ્રશંસા કરી રહ્યાં હતાં. મને ખૂબ સારૂ લાગ્યું. હું ઉભી થઈ અને મેં નમસ્કાર કર્યા.

બદ્રીની નજીક એક સ્થળ એવું છે કે જે ''બ્રહ્મકપાલ'' તરીકે ઓળખાય છે. તે નાનીએવી જગ્યા હિમનદી (ગ્લેશિયર)ની નીચે આવેલી છે. સ્વામીએદરેકને ત્યાં બેસાડ્યા અને તેમનાપૂર્વજો (વડવાઓ) માટે વિધિ કરી. બધા જ પુરૂષોએ જે મંદિર દ્વારા આપવામાં આવેલ તે બધુ વિધિપૂર્વક અર્પણ કર્યું. સ્વામીએ બધાને કરાવ્યું. તેમણે અમને કહ્યું કે "સ્ત્રીઓ માટે આ કરવું જરૂરી નથી, હું તે કરીશ". નીચેગંગા અલકનંદાના નામે વહે છે. આ રસ્તો ખુબ ઉંચે છે. સ્વામી નીચે ઉતર્યા અને અમને પણ નીચે ઉતરવાનું કહ્યું. અમે નીચે ઉતર્યા અને પગથીયા પર એક હરોળમાં ઉભા રહ્યાં. તેમણે ધાર્મિક વિધિના અર્પણ માટે એક વાસણ લીધું અને થોડુંક ગંગાજળ. સ્વામીએકહ્યું,"કોઈ પાસે તલના દાણા હોય તો આપો' કોણ પોતાની જોડે તલના દાણા લઈ ગયેલ હોય? પરંતુ સ્વામીએ તલના દાણાનો ઉલ્લેખ કર્યો કે તરત જ તલના દાણા પાણી પર તરવા લાગ્યા. પોતાનોબીજો હાથ ઘુમાવી તેમણે ખૂબ વિભૂતિ ઉત્પન્ન કરી. તેમાંનો થોડોક ભાગ મારી પાસે થોડાક દિવસ સુધી હતો. તેમણે તે પાણીમા ભેળવી અમારા હાથમાં આપ્યું. ત્યાર બાદ તેમણે કહ્યું,''તમારી આગળની ૭ પેઢી અને તમારી પછીની ૭ પેઢી સુધી તમારે કોઈ વિધિ કરવાની હવે જરૂર નથી.

**<u>સ્વામી દ્વારા બદ્રીનાથમાં નારાયણ સેવા.</u>**

પેલી ટેકરીઓ વચ્ચે,સ્વામીએ અમારા બધાનો ફોટો લેવા માટે કહ્યું અને તે ફોટોમાં અમારામાના દરેક એક કીડીના માથા જેટલા મોટા દેખાય છે. અમારામાંના બધા એટલે ૧૧૦ અને રાજ્યપાલની ટુકડીના ૧૦૦ માણસો. સ્વામીએ ફોટોમાં બધાને એક સાથે કરી દીધા.

સ્વામીએ બદ્રીમાં શું કર્યું? બદ્રીથી પ્રયાણ કરવાના અગાઉનાદિવસે, સ્વામીએ દરેકને જમાડ્યા. તેમણે નારાયણ સેવા કરી. સ્વામીઉપર આવ્યા અને કહ્યું, મને ૧૦ રૂપિયા આપો. તમે મને ૫ રૂપિયાઆપો. તમે મને ૨૦ રૂપિયા આપો. તે રીતે તેમણે દરેક જણ પાસેથી

પૈસા માંગ્યા. ઘણાં એવા પણ હતા, જેમની પાસે પૂરતા પૈસા હતા. તેઓએ કહ્યું,'ના સ્વામી, અમે તમને ૧૦૦/૨૦૦ રૂપિયા આપીશું"."ના મને માત્ર ૧૦ કે ૫ રૂપિયા જ આપો". તે મુજબ તેમણે અમારી પાસેથી પૈસા એકત્રિત કર્યા. મારી પાસેથી ૧૦ રૂપિયા જ લીધા. સ્વામીએ કહ્યું, તમારી પાસેથી પૈસા ઉઘરાવવાનું કારણ એ છે કે આ એક ધાર્મિક સ્થળ છે. આવા સ્થળે જો તમે ધર્માદો કરો તો ઘણા જન્મો સુધી સારાપરિણામો આપે છે. શા માટેહું માત્ર ૧૦ રૂપિયા જ તમારી પાસેથી લઈ રહ્યો છું. કારણકે તમારે તેનાથી વધારે સારા પરિણામોની જરૂર નથી. તમારી પાસે ૧૦૦ રૂપિયા છે અને તમે તે આપો છો પરંતુ તેટલા પરિણામની તમને જરૂર જ નથી. ૧૦ રૂપિયા જ તમારી યોગ્યતા છે. તે પ્રમાણે તેમણે પૈસા ભેગાકર્યા. ત્યાર પછી તેમણે 'મીઠોભાત' બનાવ્યો અને તે ભાત, સ્વામીએ શેરીઓમાં વ્હેંચી દીધો. ત્યાર બાદ સ્વામીએઆ નાનકડા શહેરની બધી સાદડીઓ ખરીદી લીધી અને દરેકને વ્હેંચી આપી. પણ કેટલાંક એવા હતા જેમને સાદડીઓ (જાજમો) મળી નહીં, કારણ કે કોઈ સાદડી વધી નહોતી. ખરું કારણ તે હતું કે આ નગરમાં સાદડીઓનો સ્ટોક પૂરો થઈ ગયો હતો. સ્વામીએ તેવા લોકોને ૨૦૦/૩૦૦ રૂપિયા એવું કહીને આપ્યા કે તેઓ સાદડીઓ ખરીદી લે. કારણ કે ત્યાં ખૂબ જ ઠંડીહતી. આ અમારા પાછા ફરવાના એક દિવસ અગાઉ બનેલું.

## સ્વામી પર્વતને પડતો અટકાવે છે.

તે રાત્રિના ભોજન પછી અમે બીજા દિવસે, બદ્રીથી જોષીમઠ પહોંચવાના હતા. ત્યાં વન-વે ટ્રાફીક હતો જ્યારે ગયા ત્યારે દેવપ્રયાગ અને બીજે સ્થળે ૩/૪ વખત લેન્ડ સ્લાઈડીંગ (પર્વત પરથી માટી, પથ્થરનું ધસી પડવું) થયેલ. અમે જ્યારે પાછા ફરી રહ્યાં હતાં, ત્યારે અમારા માટે ત્રણ બસ હતી. જ્યારે રાજ્યપાલ અને બીજાઓ પાસે ૩/૪ ગાડીઓ હતી. કોઈ એક ખાસ સ્થળે સ્વામી નીચે ઉતર્યા અને પોતાના હાથે રૂમાલ ફરકાવતા કહેવા લાગ્યા,"દરેક જણ બસમાંથી નીચે ઉતરી જાય! તમારા હાથમાં જે હોય તે જ માત્રલઈને જલ્દીથી અહીં આવી જાવ. માત્ર તમારા હાથમાં હોય તે જ! ઝડપા!સ્વાભાવિક રીતે હું પહેલો હતો. મારી પાસે કોઈ સામાન નહોતો. હું ઉતાવળે ત્યાં ગયો. જે લોકો બસના પાછળના ભાગે હતા, તેઓ હજુ ઉતરી રહ્યાં હતા.સ્વામીએ કહ્યું,"જુઓ, એક વિશાળ પર્વત સરકી રહ્યો છે, પડી રહ્યો છે. નાના નાના ખડકોએ પડવાનું શરૂ કરી દીધું છે. જુઓ, આ લેન્ડસ્લાઈડ છે!. અમારા બધા જ લોકો, સહી સલામત પહોંચ્યા, ત્યાં સુધી તે પર્વત તે જ સ્થિતિમાં જ રહ્યો. ત્રણે બસનાબધા લોકો હેમખેમ પહોંચ્યા અને જોતા હતા કે લેન્ડસ્લાઈડ થવા લાગી. સ્વામીએ માત્ર નજર ફેરવી. માત્ર દષ્ટિથી લેન્ડ સ્લાઈડીંગ અટકાવી દીધું, કોઈ બીજુ શસ્ત્ર કે હથિયાર નહીં. જ્યારે લોકો કહે છે કે, શ્રી કૃષ્ણે ગોવર્ધન ઉંચકેલો, ત્યારે આપણે તેમની વાતમાનતા નથી.

અહીંયા તેમણેપર્વતને નીચે પડતા,માત્ર દૃષ્ટિ (નજર)થી અટકાવ્યો. માત્રતેની સામે જોવાથી જ! જેવાઅમે સલામતજગ્યાએ પહોંચ્યા કે અમે તે પર્વતને પડતા જોયો. આખો પર્વત નીચે ધસી આવ્યો; વિશાળ શીલાઓ,ખડકો સાથે. જો આપણે તીવ્રતાથી નિરીક્ષણ કરીએ તો દરેક સેકન્ડે ચમત્કાર બનતો જોવા મળે. પરંતુ આપણે તેવું અવલોકન કરતાં નથી. આપણે માનીએ છીએ કે એ તો માત્ર પ્રાકૃતિક/સ્વાભાવિક ઘટના છે. અમે લેન્ડસ્લાઈડની સામેની બાજુએ પહોંચી ગયા હતાં. અમારી સાથે રાજ્યપાલ હોવાના કારણે હરિદ્વારથી રાહત બસો જલ્દીથી આવી પહોંચી. હરિદ્વાર ત્યાંથી ૨૦ કે ૩૦ માઈલ દૂર હતું. અમે હરિદ્વાર ગયા.

બીજા દિવસે અમારે જવાનું હતું. સ્વામી બધી ગોઠવણ કરી રહ્યાં હતાં અને તે ક્યાં બેસી શકે?... અમારા બીસ્ત્રા-પોટાલા ઉપર. ત્યાં જ બેસીને આયોજન કરી રહ્યાં હતાં કે કોણ ઘરે જવાનું છે વગેરે. કેટલાંકલોકો મથુરા-વૃન્દાવન જોવા જવાના હતાં. સ્વામી આવવા-જવાની ટિકીટો લાવેલા. તેઓ મથુરા-વૃન્દાવન જાય, જોવે ત્યાર પછી પરત આવે. તેમની ટિકીટો અલગ રાખવામાં આવેલી. તેમણે મને પૂછ્યું કે,"તમારે જવાનું છે?" મેં સ્વામીને કહ્યું,"જો તમે જવાના હો, તો હું જઈશ"."ના હું નથી જવાનો" સ્વામીએ કહ્યું. તો પછી શા માટે મારે ત્યાં જવું?. મે કહ્યું 'હું મારે ઘેર જઈશ'. બપોરના ભોજન પછી અમે ત્યાંથી દિલ્હી જવા માટે એક ટ્રેનમાં બેઠા. દિલ્હી સ્ટેશને કેટલાંક ભક્તો દહીં-ભાત બનાવીને મોટા વાસણમાં લઈનેઆવેલા અને અમને બધાને ખવડાવ્યું. સવારે,અમે અમારીમુસાફરી ચાલુ કરી. જેઓ અમારી સાથે આવેલા હતાં તેમાં રામ, લક્ષ્મણ અને મોહન હતાં. તેઓ ખૂબ સુંદર ગાતા હતાં. અમે એક-બીજાથી બધા પરિચિત બન્યા. અમે બધા સાથે બેઠા અને શ્રી ભદ્રમ પણ ત્યાં હતાં. માત્ર અમારામાંથી ૧૦ જણા પાછા ફરેલા અને વિજયવાડાથી હું ઘરે પાછો ફર્યો.

**લેખક- વ્યવસાયે ગાયનોકોલોજીસ્ટ (સ્ત્રીરોગના નિષ્ણાંત) અને પાંચ દાયકાથી ભગવાનના ભક્ત હતાં.**

## સ્વામીની કૃપા – અમદાવાદ હાર્ટ હોસ્પિટલ

**ભગવાન શ્રી સત્ય સાઈ બાબાની કૃપાથી રાજસ્થાનથી આવેલ, માત્ર ૨ માસની બાળકી ના હૃદયનું ઓપરેશન, શ્રી સત્ય સાઈ હાર્ટ હોસ્પિટલ, અમદાવાદ ખાતે તાજેતરમાંજ સફળ રીતે કરવામાં આવ્યું. અહીં ૧૦૦૧ જેટલા કેથપ્રોસીજર્સ ખૂબજ ટુંકા સમયગાળામાં પૂરા કરવામાં આવ્યા. સૌથી આશ્ચર્યની વાત એ છે કે માર્ચ થી અત્યારસુધીના પેનડેમીક સમયમાં હોસ્પિટલખાતે કે આસપાસના ગામડાઓમાં 'કોવીડ' નો એકેય કેસ નોંધાયો નથી અને લોકડાઉન ના સમયમાં પણ હોસ્પિટલ પૂર્ણ રીતે કાર્યરત હતી.**




Publication Date : 20/02/2021

સનાતન સારથિ

Date of Posting 20th every month
Validity of Licence 31/12/2023

Annual Subscription Rs. 100/- PER YEAR
NUMBERING OF PAGE - 36

RNI Regd No. 64353 / 96
P.O.Regd. No. VDR - E/359/2021-2023
Place of Posting - Vadodara H.O.



મારા કહેલા ડિસ્કોર્સ (દિવ્ય પ્રવચનો)ને જો તમે તમારા હૃદયમાં ન ઉતારો અને તે પ્રમાણે ન વર્તો તો એનો શું ફાયદો? મને લાગે છે કેઆટલા બધા (પાછલા) વર્ષોમાં, તમને તમારી ફરજ પ્રત્યે જાગૃત કરવાનાજે પ્રયત્નો કરવામાં આવ્યા, પણ તમારામાં કોઈ પરિણામ આવ્યું નથી. તમે તો દરિયા કિનારાના ખડકો જેવા છો જે (દરિયાના પાણીના) મોજાઓની થપાટો અવિરતપણે ખાયા જ કરે છે. ખડક ખસશે નહીં; મોજાઓ રોકાશે નહીં. આ વિકટ પરિસ્થિતિનો અંત થવો જ જોઈએ.

ઊઠો, જાગો અને તમને જે અદભૂત તક મળી છે તેનો પૂરેપૂરો લાભ ઉઠાવો.

ભગવાન શ્રી સત્ય સાઈબાબા.

**કાર્યાલય : સનાતન સારથિ**
સતીશ એમ. બોકીલ
"સાઇ આરોહ" એ-૫, કોમરેડસ્ કોલોની,
સાઇ ચોકડી પાસે, માંજલપુર, વડોદરા - ૩૯૦ ૦૧૧.
M.: 9824649953

**મુદ્રક : એલાઇન ગ્રાફીક્સ**
શાંતિ ચેમ્બર્સ, પ્રતાપનગર રોડ, વડોદરા.
મો.: ૮૨૩૮૫૮૫૬૫૩